# શિક્ષક તાલીમનું સાહિત્ય

# વાચન-લેખન પદ્ધતિ અને પ્રયુક્તિઓ

**(ધોરણ ૧ થી ૪)**


**વિષયવસ્તુ સંકલન :**

**ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ**
'વિદ્યાભવન', ઘ-૪ સર્કલ પાસે,
સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮-૩૨
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨

**પ્રકાશક**

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

**સર્વ શિક્ષા અભિયાન મિશન**
ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ
સેક્ટર-૧૭, ગાંધીનગર
ફોન : (૦૭૯) ૨૩૨ ૩૪૯૩૯, ૩૫૦૬૯
ફેક્સ : (૦૭૯) ૨૩૨ ૩૨૪૩૬

**એપ્રિલ ૨૦૧૦**

# પ્રસ્તાવના

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પૂર્વભૂમિકા | ૫-૧૪ |
| ૨. | બોલી : વાચન લેખનના સંદર્ભે | ૧૫-૨૦ |
| ૩. | વાચનપદ્ધતિ : ધોરણ ૧ અને ૨ | ૨૧-૨૪ |
| ૪. | લેખનપદ્ધતિ : ધોરણ ૧ અને ૨ | ૨૫-૨૭ |
| ૫. | વાચનપદ્ધતિ : ધોરણ ૩ અને ૪ | ૨૮-૩૩ |
| ૬. | લેખનપદ્ધતિ : ધોરણ ૩ અને ૪ | ૩૪-૩૮ |
| ૭. | સ્વતંત્રલેખન | ૩૯-૪૧ |
| ૮. | સંદર્ભસાહિત્ય | ૪૨ |
| ૯. | સમયપત્રક | ૪૩-૪૬ |
| ૧૦. | પ્રશિક્ષણની પૂરક સામગ્રી : | ૪૭-૪૮ |

# પૂર્વભૂમિકા

એપ્રિલ, ૨૦૦૯માં પ્રાથમિક શિક્ષણમાં 'ગુજરાતી ભાષા-સજ્જતા'ની તાલીમ સંદર્ભે આપણે પાંચ મુખ્ય બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું તે સૌ શિક્ષકમિત્રોના સ્મરણમાં હશે.

૧. ભાષાને સાંભળવાના અનુભવ સંદર્ભે આપણે નોંધ્યું હતું કે, ''બાળક ભાષા સાંભળી સાંભળીને શીખે છે. પ્રશ્નો પૂછીને (ભાષાનો વાતચીત કે કથન રૂપે ઉપયોગ કરીને) શીખે છે. બાળકને બરાબર સાંભળતાં આવડે એનો અર્થ એ કે તેણે જે સાંભળ્યું છે તેનો અર્થ અથવા મર્મ સમજતાં આવડે. ભાષાશિક્ષણની જ નહિ કોઈ પણ શિક્ષણની શરૂઆત સાંભળવા સાથે થાય છે. સાંભળવું એટલે સતત વિચારતા રહેવું. જ્યારે વાર્તાકથનથી શિક્ષક બાળકના શ્રવણકૌશલને (એટલે કે સાંભળવાની આવડતને) કેળવતો હોય છે ત્યારે વાર્તાકથન એ પ્રયોજન નથી પણ એક શૈક્ષણિક પ્રયુક્તિ છે.

૨. ભાષા બોલવાની અને બોલીને બદલે માન્ય ભાષાનાં ઉચ્ચારણો સાથે ભાષા બોલવાની આવડત (કથનકૌશલ) સંદર્ભે આપણે નોંધ્યું હતું કે, ''શ્રવણની સાથે સાથે જ કથનનું કૌશલ પણ કેળવવાનો ઉદ્યમ શિક્ષક કરી શકે. ઉચ્ચારણ અને લય વિશે બહુ સહજ રીતે બાળકોને સભાન કરવાં જોઈએ, એ વિશેની સૂચનાઓ ટીકાત્મક કે સુધારણાલક્ષી ન હોય તેની ખાસ કાળજી રાખવી.

૩. વાંચવું અને સારી રીતે, સમજપૂર્વક વાંચતાં આવડવું એ સમગ્ર શિક્ષણપ્રક્રિયાનું એક મહત્ત્વનું અંગ હોઈ તેને વિશે આપણે નોંધ્યું હતું કે, ''શ્રવણ અને કથનના કૌશલની સાથે સંકળાયેલું ત્રીજું કૌશલ વાચન છે, ચિત્રો દોરવાં અને ચિત્રો જોવાં એની ટેવ નાનપણથી હોય તો આકારોને યાદ રાખવાની ટેવ સહજ બની રહે.

૪. વાંચીને સારગ્રહણ અથવા અર્થગ્રહણની શક્તિ સારી રીતે કેળવાય તે માટે આપણે નોંધ્યું હતું કે ''લખાણ વાંચીને એમાંના મહત્ત્વના શબ્દો નીચે લીટી દોરવાનો મહાવરો કરાવી શકાય. એ મહત્ત્વના શબ્દો ભેગા કરીને નવેસરથી લખતાં આખા લખાણનો સાર એમાં સમાઈ જાય એમ બનતું હોય છે.''

૫. 'લેખન-કૌશલ' સંદર્ભે આપણે નોંધ્યું હતું કે, 'લેખન-કૌશલમાં પરિચ્છેદ-લેખન, નિબંધ-

લેખન, પત્ર-લેખન, સારલેખન – સંક્ષેપીકરણ વિચારવિસ્તાર, અહેવાલ-લેખન વગેરે અનેક બાબતોનો સમાવેશ થાય છે, પરંતુ આ બધી બાબતોમાં કૌશલ હાંસલ કરવા માટે પહેલાં શુદ્ધલેખન (માન્યલેખન) પરત્વે પૂરતું ધ્યાન આપવાની જરૂર છે.'' ''જોડણીના માન્ય પ્રયોગ તરફ બાળકોને પ્રેરવા માટે 'મહાવરો' ખૂબ જ અગત્યનો છે'' તેથી – જોડણીના નિયમો ન ગોખાવવા.

– જરૂર કરતાં વધારે ન લખાવવું. એમ કરવાથી બાળક 'ગૃહકાર્ય'ના ભાર નીચે દબાઈને જેમતેમ લખી લાવશે.

– ભૂલ હોય તો પણ, 'તેં આ ખોટું લખ્યું છે' એમ ન કહેતાં, પ્રેમપૂર્વક, 'જો બેટા, આ રીતે લખાય !' કહી પ્રોત્સાહન આપવું.

– અશુદ્ધ જોડણીવાળા શબ્દો લખાવી, જોડણી સુધારવા ન કહેવું.'

મુખ્ય બાબતો વર્ગમાં શિક્ષક તરીકે આપણે સારી રીતે શીખવી શકીએ તે માટે –

૧. મૌખિક અભિવ્યક્તિમાં ઉપયોગી ઉચ્ચારણોની વૈજ્ઞાનિક સમજ આપવામાં આવી હતી.

૨. માન્ય ભાષા અને બોલી વચ્ચેના સંબંધને સમજાવી, બોલી હલકી અથવા અશુદ્ધ છે એવું નથી પણ ભાષાનો જુદા પ્રકારનો વપરાશ છે તેની સમજ આપી હતી.

૩. વિરામચિહ્નો, ભાષા અને જોડણી, અનુસ્વાર વગેરે વિશે પાયાની વાતોની સ્પષ્ટતાઓ કરી હતી.

૪. ખાસ કરીને પાંચ, છ અને સાતનાં પાઠ્યપુસ્તકોને નજર સામે રાખીને નિબંધ, પત્ર, વાર્તા, વિચારવિસ્તાર વગેરે વિશે સમજ આપી હતી.

૫. વિભક્તિના પ્રત્યયો, વિશેષણ જેવા વિભાવોની શિક્ષકો માટે જરૂરી ચર્ચા કરી હતી.

મોટા ભાગના શિક્ષકોએ એ તાલીમના અનુસંધાનમાં આ આખું વરસ શિક્ષણકાર્ય કર્યું છે અને તેમના અનુભવો ઘણા ઉત્સાહજનક જણાયા છે. આના પરિણામે એ તાલીમને દૃઢ કરવાનો આ પ્રયાસ છે. વળી પહેલાં ચાર ધોરણમાં બાળકો વાચન-લેખનમાં કંઈક નબળાં રહી જાય છે એવા અવલોકનને કારણે આ વરસે ગયા વર્ષના વાચન-લેખનની તાલીમના અનુસંધાનમાં કેટલીક પાયાની સમજ વિસ્તૃત રીતે, વધુ વિશદ રીતે, ઉદાહરણો સાથે આપવાનો ને એ માટેનો વર્ગખંડકાર્યનો પ્રયાસ આ પૂરક તાલીમ સાહિત્યમાં કરવામાં આવ્યો છે.

બહુ સ્પષ્ટ શબ્દોમાં નોંધીએ તો હજુ ઘણા શિક્ષકો પહેલાં વાચન અને પછી લેખન એ

વાતને કદાચ સમજ્યા હોય તોય અમલમાં મૂકતા જણાયા નથી. પહેલા જ અઠવાડિયાથી કાળા પાટિયાનો ઉપયોગ કરવાના ઉત્સાહમાં 'ગ' અને 'મ' (અને કેટલાક શિક્ષકો તો હજુય 'ક' અને 'ખ') બાળકોને લખાવવા – ઘૂંટાવવા માંડે છે. આ જરાય વૈજ્ઞાનિક અભિગમ નથી.

સંપૂર્ણ અથવા અખંડ શિક્ષણનો અભિગમ આખા જગતમાં સ્વીકારાયો છે. એ સંદર્ભે વાચનનો અનુભવ બાળક માટે સાંભળવાના અનુભવની જેમ જ પહેલાં થવો જરૂરી છે. એમાંય વર્ણો અથવા અક્ષરોને કે સ્વર-વ્યંજનને અલગ અલગ ઓળખાવવાની વાત તો જૂના જમાનાની ગણાય. બાળકને જેમ આખા પદાર્થનો અનુભવ પહેલાં થાય છે અને પછી એ પદાર્થમાં જુદા જુદા ભાગો કે અંગ-ઉપાંગોનો અનુભવ થાય છે. એ પદાર્થ સાથે સંકળાયેલા કે જોડાયેલા અથવા એ પદાર્થને ધ્વનિશ્રેણી કે વર્ણશ્રેણી રૂપે રજૂ કરતાં શબ્દનો અનુભવ જ પહેલાં કરાવવો જોઈએ. પછી તેના જુદા જુદા ભાગો રૂપે આવતા વર્ણોનો (સ્વરો અને વ્યંજનો, કાનોમાત્રાનો) પરિચય કે ઓળખ થાય તો વાંચવાનું પ્રવાહી અથવા સળંગ બને.

આ માટે આ તાલીમ સાહિત્યમાં 'શબ્દવાચન' પદ્ધતિની વિસ્તારથી વાત કરવામાં આવી છે. પદાર્થનું ચિત્ર (પ્રતિકૃતિ) જોઈને બાળક જેમ પદાર્થને ઓળખતાં શીખે છે તેવું જ એ પદાર્થ માટેનો આખો શબ્દ જોઈને એ પદાર્થની ગેરહાજરીમાં પણ એ પદાર્થને ઓળખતાં શીખે એ જરૂરી છે. શાળાએ આવતાં પહેલાં પદાર્થની ગેરહાજરીમાં પદાર્થ વિશે બોલાતા શબ્દને સાંભળીને એ પદાર્થનો અનુભવ કરતાં એ શીખ્યું છે. 'ગુલાબ' શબ્દ સાંભળતાં જ જેમ પ્રત્યક્ષ ગુલાબ કે ગુલાબની પ્રતિકૃતિ વિના બાળક 'ગુલાબ'નો અનુભવ કરે છે, તેવું જ 'ગુલાબ' એવો શબ્દ વાંચતાં જ એ પ્રત્યક્ષ ગુલાબ કે ગુલાબની પ્રતિકૃતિ વિના જ 'ગુલાબ'નો અનુભવ (એનો અર્થ) સમજે એમ થવું જોઈએ. આમ થાય તો જ 'અર્થપૂર્ણ' અને પ્રવાહી – સળંગ વાચનની દિશામાં બાળક ઝડપથી આગળ વધી શકે. પહેલાં બે ધોરણમાં શિક્ષકને પક્ષે કથન અને બાળકને પક્ષે શ્રવણ અને વાચન ઉપર વિશેષ ધ્યાન આપવાનું ખૂબ જરૂરી છે. પહેલા ધોરણમાં પહેલા છ મહિના તો બાળકોને દરરોજની સમયાંતરે પાંચથી સાત વાર્તાઓ રસ પડે તે રીતે કહેવી, દરેક તાસને અંતે એક એ રીતે ચાર-પાંચ જોડકણાં કે બાળગીતો ગાવાં-ગવડાવવાં અને શબ્દોના કાર્ડની અનેક પ્રકારની રમતો દરેક તાસમાં રમાડવી એટલું ઘણું છે.

શબ્દોનાં ખાસ પ્રકારનાં કાર્ડ્સ નમૂના રૂપે તમને મળ્યાં છે. તેની વિવિધ રમતો રમાડવા ઉપરાંત શિક્ષક તરીકે તમે પોતે એવાં કાર્ડ્સ તમારાં બાળકોની બોલીના શબ્દભંડોળને કેન્દ્રમાં રાખીને બનાવી શકો. ફળ, શાકભાજી, જંતુઓ, પ્રાણીઓ, પંખીઓ, વૃક્ષો, છોડવાઓ, ફૂલો, વાસણો વગેરેનાં નાનાં ચિત્રો બાળકો પાસે દોરાવી, તેમાં રંગો પુરાવી (અથવા શિક્ષકે જાતે દોરી, એમાં રંગો પૂરી અથવા છાપેલાં મેળવી) બાળકોના નાનકડા હાથમાં સમાય તેવાં કાર્ડ્સ બનાવવાં. તે દરેક ચિત્રની નીચે સરસ અક્ષરે, જોડણીની ચીવટ રાખી રંગબેરંગી સ્કેચપેનનો ઉપયોગ કરી તે ચિત્રોનાં નામ

લખવાં. ચિત્રની સાથે (પદાર્થની પ્રતિકૃતિ સાથે) શબ્દને બાળકો રમત દરમિયાન આપોઆપ જોયા કરશે (એટલે કે વાંચ્યા કરશે) અને પછી માત્ર શબ્દો લખેલા કાર્ડને એ ચિત્ર સહિતનાં કાર્ડ સાથે ગોઠવતાં થઈ જશે. છેલ્લે માત્ર શબ્દો લખેલા કાર્ડમાંથી શબ્દો વાંચવા માંડશે અને ત્યારે આખો શબ્દ સળંગ વાંચશે.

પછી મોટે ભાગે શિક્ષકે મૂળાક્ષરોને અને કાના-માત્રને અલગથી ઓળખાવવાનાં ભાગ્યે જ રહેશે, છતાં તેની રમતો રમાડીને તેને અલગથી વાંચવા માટેનું દઢિકરણ અવશ્ય કરી શકાય.

આમ થાય તો બાળકો સુંદર મરોડને ચિત્તસ્થ કરી શકે, પછી પોતે મરોડદાર અક્ષરે લખતાં થાય. જોડણી-સુધારની ચિંતા પણ પછી ઓછી થઈ જશે. (જોડણી એ આંખનો વિષય છે, વારંવાર જોવાથી તેનું દશ્યચિત્ર સાહચર્યની મદદથી ચિત્તમાં છપાઈ જાય છે. ગુજરાતી લખાણ વ્યંજનો – સ્વરો – વ્યંજનો – સ્વરો એવા સળંગ ક્રમમાં લખાતું નથી પણ વ્યંજનની સાથે જ, ઉપર, નીચે કે બાજુમાં જ સ્વર માટેના કાના-માત્રા વગેરે લખાતા હોવાથી અંગ્રેજીના સ્પેલિંગ ગોખી શકાય છે તેમ ગુજરાતીની જોડણી વારંવાર લખીને પણ ગોખી શકાતી નથી.)

પ્રાથમિક શાળાના અભ્યાસ દરમિયાન જ બાળકો મરોડદાર અક્ષરે અને માન્ય જોડણી સાથે લખતાં શીખે એ પાયાની વાત છે. એમાં બેમત નથી. 'પાકે ઘડે કાંઠા ન ચડે.' એ કહેવત વાચન-લેખનની તાલીમ માટે પણ એટલી જ સાચી ગણાય. પણ મોતી જેવા અક્ષરે અને માન્ય જોડણીમાં બાળકોને લખતાં કરવાં હોય તો આપણે "બાળકો કઈ રીતે શીખે છે ?" એ પ્રશ્નને બરાબર સમજવો પડશે.

સામાન્ય રીતે બાળકો અનુકરણથી અનુસર્જન અને પછી સ્વતંત્ર – મૌલિક સર્જન એ પ્રક્રિયા રૂપે શીખે છે. એમને માટે અનુકરણ કરવા માટે અથવા વધુ સારો શબ્દ વાપરીએ તો અનુસરણ કરવા માટે કોઈ આદર્શ હોય તે જરરી છે. અનેક વ્યક્તિઓને સાંભળવા છતાં સામાન્ય રીતે બાળક કુટુંબમાં બોલાતાં (અને વિશેષે તો મા-બાપ વડે બોલાતાં) ઉચ્ચારણો સાથે ભાષા (અને એ રીતે પોતાની બોલી) બોલતાં શીખે છે. એ જ વાત શિક્ષક માટે પણ લાગુ પડે છે. મા-બાપ કરતાં પણ શિક્ષક વિદ્યાર્થી માટે વધુ આદર્શરૂપ હોય છે. તેનાં ઉચ્ચારણો અને સમયાંતરે તેના અક્ષરો અજાણપણે પોતાના ચિત્તમાં બાળક દઢ કરે છે. જો એક આખા શબ્દરૂપે મરોડદાર અક્ષરે લખેલાં કે છાપેલાં કાર્ડ બાળક સતત વાંચ્યા કરે તો તેના ચિત્તમાં એ મરોડદાર અક્ષરે લખાયેલા શબ્દોની પ્રતિકૃતિઓ દઢ થાય છે. મગજમાં દઢ થયેલા મરોડ પછીથી આંગળીઓની મદદથી કાગળ ઉપર ઊતરે છે.

માન્ય જોડણીથી લખાયેલા લખાણની બાબતમાં પણ આ વાત એટલી જ સાચી છે. ગુજરાતી

જોડણી ગોખી શકાતી નથી એ તો આપણે નોંધ્યું. એ જ કારણે માન્ય જોડણીવાળા અનેક શબ્દો – રંગબેરંગી સ્કેચપેનથી લખાયેલા અથવા છપાયેલા – તેની આંખ સામે વારંવાર આવ્યા હોય તો સાહચર્ય – સાદૃશ્ય (સરખાપણું અને અલગપણું)ની રીતે એ લખાણની સમગ્ર ભાતને એની અખિલાઈમાં ચિત્તસ્થ કરી શકે છે. બાળક સમગ્ર ભાતને (pattern) એની અખિલાઈમાં (as a whole) શીખતું હોય છે તે મનોવિજ્ઞાનીઓએ સાબિત કરેલી વાત છે.

આના સંદર્ભમાં મહાત્મા ગાંધીજીએ તેમના 'સત્યના પ્રયોગો' પુસ્તકમાં નોંધેલો પ્રસંગ યાદ રાખવા જેવો છે. તેમને શાળામાં જે રીતે (લગભગ અત્યારની રીતે જ) કક્કો ઘૂંટાવવામાં આવ્યો અને જોડણી યાદ રાખવા માટે વેઠરૂપે વારંવાર લખાવવામાં આવ્યું તેને કારણે તેમના અક્ષર વાંચી ન શકાય એટલા ખરાબ રહી ગયા. તેમણે નોંધ્યું છે, 'ખરાબ અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે.'' એમના અક્ષરમાં લખાયેલું નીચેનું વાક્ય વાંચો :

મોટા ભાગનાં જેઓ પહેલીવાર આ વાક્ય વાંચે તેઓ 'કુતીમાતે', 'દુતીબાતે', 'દુતીયાતે', 'દુતીયાને', 'કુતીયાને' એવું એવું અને 'શીળવવાનું નજા' વાંચશે. 'અના દિકામજા' અથવા 'અનાદિકાળના' વાંચશે. ખરેખર તો વાક્ય નીચે પ્રમાણે છે. સહી તો અવાચ્ય હોય તે સમજાય તેવું છે.

''મારે દુનિયાને નવું કશું શીખવવાનું નથી, સત્ય અને અહિંસા અનાદિકાળથી ચાલ્યાં આવે છે.'' – મોહનદાસ કરમચંદ ગાંધી

ગાંધીજી જેવા ગાંધીજી ખોટી પદ્ધતિથી લખતાં શીખ્યા હોવાથી મરોડદાર અક્ષર તો દૂરના પણ ન વાંચી શકાય તેવા અક્ષરે અને માન્ય જોડણીમાં ન હોય તેવું (જુઓ, દુનીયા) લખી બેસે છે. કેળવણી પૂરી હોય તો આમ ન થાય. લોટ બરાબર કેળવાયો હોય તો રોટલી એકસરખી વણાય અને તો જ આખી ફૂલે એમ શેકાય. જો રોટલી કાચી રહે અથવા એમાં વચ્ચે વચ્ચે બળી ગયેલાં ચાંદાં પડે તો સમજવું કે એ લોટ અધૂરો કેળવાયાની નિશાની છે. ગાંધીજી નોંધે છે, આપણે શિક્ષક તરીકે જાણીએ છીએ કે બાળકો પરિચિતની મદદથી અપરિચિતને શીખવાનું વલણ ધરાવતાં હોય છે. મોટા ભાગનાં બાળકો કોઈને કોઈ બોલી બોલતાં હોય છે, પહેલા અને બીજા ધોરણમાં તેઓ પોતાની બોલીનો ભરપૂર ઉપયોગ કરે તો તેમને સુધારવાને બદલે એ શબ્દોનાં કાર્ડ બનાવી વાંચતાં શીખવવાનું ગોઠવવાથી વધુ લાભ થશે. શિક્ષકે પોતે માન્ય શબ્દો અને માન્ય ઉચ્ચારણોનો એટલો ચુસ્તીથી ઉપયોગ ન કરવો કે બાળકોને શિક્ષકની ભાષા સમજાય જ નહિ. વિવેકપૂર્વક બાળકોની બોલીનાં કેટલાંક ઉચ્ચારણો અને ઘણાબધા શબ્દોનો ઉપયોગ વાંચતાં શીખવવામાં કરવાથી બાળકોને પરિચિત ભાષા વાંચવામાં સરળતા રહેશે. આગળ જતાં ત્રીજા-ચોથા ધોરણમાં માન્ય ભાષાના શબ્દભંડોળનો અને ઉચ્ચારણોનો તેમને સહજ રીતે વધુ પરિચય થતાં તેઓ આપોઆપ માન્ય

ભાષા વાપરતાં થશે. જાગૃત શિક્ષક આડકતરી રીતે માન્યભાષા તરફ બાળકોનું ધ્યાન ખેંચાય અને વધુ ને વધુ માન્યભાષા વાપરતાં થાય તેવા સહજ પ્રયત્નો જરૂર કરે જ.

આખરે આપણો હેતુ તો બાળકો અર્થપૂર્ણ વાંચતાં શીખે અને ઝડપથી સારગ્રહણ કરતાં થાય એમ બને એવું કરવાનો છે. ભૂલો સુધારવાનો અતિ ઉત્સાહ જેમ જોખમી છે તેમ ભૂલો તરફ બાળકોનું ધ્યાન જ ન ખેંચાય તેવું થાય એ પણ એટલું જ જોખમી છે. એમણે કથન અને વાચન સમયે કરેલા ઉચ્ચારણદોષો તરફ ધ્યાન ખેંચાય તે રીતે ફરીથી શિક્ષકે પોતે અથવા માન્ય કથન-વાચન કરતા અન્ય વિદ્યાર્થી પાસે કથન-વાચનનું પુનરાવર્તન કરાવવું. અમુક તબક્કે ત્રીજા-ચોથા ધોરણમાં તો સરખામણી કરાવી ને, માન્ય ઉચ્ચારણ શા માટે જરૂરી છે. તે પણ સમજાવવું.

ટૂંકમાં, બાળકો શાળાએ આવતાં પહેલાં બોલતાં હોય તે ભાષા તેમણે તેમના ઘેર જ મૂકીને આવવાની છે એ અભિગમથી દૂર રહેવું પડશે. બાળકોના ઘર-કુટુંબમાં બોલાતી ભાષાને મુખ્ય આધાર ગણીને, એ ભાષાનાં ઉચ્ચારણો, શબ્દભંડોળ, વાક્યપ્રયોગોને અપનાવીને એ પરિચિત ભાષાનો બાળકો માટે અપરિચિત લખાણમાં ઢાળીને વાંચતાં અને લખતાં કરવાનો અભિગમ વધુ લાભદાયી, પરિણામદાયી અને સફળ પુરવાર થયો છે. સમયાંતરે, ત્રીજા-ચોથા ધોરણમાં વધુને વધુ માન્ય ભાષાના ઉપયોગ તરફ બાળકને લઈ જઈ તેને અચકાયા-ખચકાયા વિના વાંચતો કરવાનો અને મરોડદાર – માન્ય જોડણીમાં લખતો કરવાનો આપણો અભિગમ રહેશે તે સ્પષ્ટ હોવું ઘટે.

નીચેની બાબતો સાથે તમે સંમત થાવ છો ? જો હા તો આગળના ચોરસમાં √ નું નિશાન કરો અને ના તો આગળના ચોરસમાં X નું નિશાન કરો.

- ☐ બાળક ભાષા સાંભળી સાંભળીને શીખે છે, પ્રશ્નો પૂછીને શીખે છે. સાંભળતી વખતે તે સતત વિચારતો હોય તો જ શીખે છે.
- ☐ શાળામાં વાર્તા કહેવાનું પ્રયોજન તેમને વાર્તામાં રસ પાડીને શાંત રાખવાનું નથી પણ એને કશુંક શીખવવા માટેની યુક્તિનો એ ભાગ હોય છે.
- ☐ માન્ય ઉચ્ચારણો અને લય વિશે બાળકોને બહુ સહજ રીતે સભાન કરવાં જોઈએ, એ વિશેની સૂચનાઓ ટીકાત્મક, નકારાત્મક કે સુધારાલક્ષી ન હોય તેની ખાસ કાળજી રાખવી જોઈએ.
- ☐ ચિત્રો જોવાં અને ચિત્રો દોરવાનો મહાવરો બાળકને સળંગ વાચન શીખવામાં અને મરોડદાર અક્ષરે લખવામાં મદદરૂપ થાય છે.

☐ પરિચ્છેદ વાંચ્યા પછી એમાં અગત્યના શબ્દો નીચે લીટી દોરવાનું સૂચવવાથી, લાંબે ગાળે બાળકને અર્થગ્રહણની પ્રક્રિયામાં સરળતા થાય છે.

☐ તમે કહેલી વાર્તા સાથે કયાં કયાં ચિત્રોનો મેળ બેસે છે અને કયાં ચિત્રોનો મેળ બેસતો નથી અથવા વાર્તા સાથે બંધબેસતાં નથી એવા પ્રશ્નો બાળકે વાર્તા બરાબર સાંભળી છે કે નહિ તેની ચકાસણીમાં અથવા તે વાર્તાને બરાબર સમજ્યો છે કે નહિ તે સમજવામાં ઉપયોગી થઈ શકે.

☐ શિક્ષકનાં ઉચ્ચારણોની અને ભાષાવપરાશની સીધી અસર બાળકો ઉપર પડે છે તેથી શિક્ષકનાં ઉચ્ચારણો ચોકસાઈવાળાં હોવાં જરૂરી છે. પરંતુ પહેલા-બીજા ધોરણમાં બાળકોને સમજાય તે માટે તેમની બોલીનાં ઉચ્ચારણો સાથે પણ શિક્ષક વાતચીત કરે તો વધુ લાભ થાય.

☐ ગુજરાતી ભાષામાં આઠ સ્વરો ભેદક છે એટલે કે માત્ર આઠ સ્વરો અર્થભેદની કામગીરી કરે છે અથવા કાર્યરત છે.

☐ ઞ્ અને ઙ એ બે અનુનાસિક વ્યંજનો ગુજરાતીમાં સ્વતંત્ર રીતે વપરાતા નથી અને લેખનમાં આગળના સ્વર ઉપર અનુસ્વારથી દર્શાવાય છે.

☐ શાલ, શાન, શાપ, શરત જેવા શબ્દોમાં 'શ'ને બદલે 'સ' લખીએ તો ચાલે

☐ પંથ, ગંજ, જંગ, ઢંગ, ખાંડ, બંગડી, બંગલો, મંજૂરી, રંગ જેવા શબ્દોમાં અનુસ્વાર લખવાનો રહી જાય તો અર્થ બદલાઈ જાય છે.

☐ બાળકના મુખેથી થતા બોલીના પ્રયોગોને હલકા કે ગ્રામ્ય કહીને ઉતારી ન પાડવા જોઈએ. 'તને શુદ્ધ બોલતાં ક્યારે આવડશે ?' એમ ક્યારેય ન કહેવું.

☐ બાળક બોલીને બદલે માન્ય ભાષાનો વપરાશ કરતું થાય અને એ વિશે પરિચય મેળવે તે જરૂરી છે.

☐ બે અજાણ્યા અથવા સમાસ તરીકે બહુ ચલણી નહિ તેવા શબ્દો સાથે સાથે લખાય ત્યારે વચ્ચે ગુરુરેખા દોરાય છે.

☐ વિરામચિહ્નો ભાષામાં એ વાક્યનો લય કેવો છે તેનું સૂચન કરે છે.

☐ 'ઝાડ બગીચામાં પડ્યું.' વાક્યમાં ઝાડને કર્તાનો શૂન્ય પ્રત્યય લાગ્યો છે.

☐ 'સાપને લાકડીએ લાકડીએ માર્યો.' વાક્યમાં લાકડીને લાગેલો 'એ' પ્રત્યય કરણ વિભક્તિને સૂચવે છે.

☐ 'તળાવને કિનારે એક વડ હતો.' વાક્યમાં 'તળાવ'ને લાગેલો 'ને' પ્રત્યય બીજી વિભક્તિને સૂચવે છે.

☐ 'કપાળમાં ચાંલ્લો છે' વાક્યમાં 'કપાળ'ને લાગેલો 'માં' પ્રત્યય અધિકરણ વિભક્તિ સૂચવે છે.

☐ 'કપાળ પર તલ છે' વાક્યમાં 'કપાળ'ને લાગેલો 'પર' પ્રત્યય સ્થાન સૂચવનાર સપ્તમી વિભક્તિને સૂચવે છે.

☐ 'છોકરીએ છીંક ખાધી' વાક્યમાં 'છોકરી' કર્તા ન હોવા છતાં તેને પહેલી (કર્તા) વિભક્તિનો 'એ' પ્રત્યય લાગ્યો છે.

☐ બધા જ મૂર્ત-અમૂર્ત પદાર્થોને જે સંકેતથી ઓળખવામાં આવે છે તે સંકેતને વ્યાકરણમાં 'સંજ્ઞા' કહે છે.

☐ 'બાને ભૂખ લાગી છે' વાક્યમાં 'બા' સંજ્ઞા મટીને નામપદ બને છે.

☐ વાક્યમાં વિશેષણ હોય તો તેનો સમાવેશ પણ નામપદમાં થાય છે.

☐ સંજ્ઞા પદાર્થના બદલાતાં ગુણ-લક્ષણોને સૂચવે છે જ્યારે વિશેષણ પદાર્થનાં સર્વસામાન્ય અને કાયમી ગુણલક્ષણોને સૂચવે છે.

☐ 'એની ચાલથી હું અજાણ નથી' વાક્યમાં 'ચાલ' અકર્મક ક્રિયાપદ છે.

☐ જેનાં નામ ન હોય તેવા પદાર્થો શોધી લાવવાની રમત બાળકોને રમાડવી જોઈએ.

☐ 'બાલુનો બીજો નંબર આવ્યો' વાક્યમાં 'બીજો' એ સંખ્યાવાચક વિશેષણ છે.

☐ 'આટલું બધું ખાવાનું ખવાય ?' વાક્યમાં 'આટલું' પ્રશ્નવાચક વિશેષણ છે.

☐ વર્ગમાં પ્રશ્નો પૂછનાર બાળકને, 'રિસેસમાં આવજે, તને સંતોષકારક જવાબ આપીશ.' એમ કહેવું અસરકારક વર્ગશિક્ષણ માટે જરૂરી છે.

- ☐ વર્ગમાં શિક્ષકે પોતે ભૂલેચૂકેય કોઈ બોલીનાં ઉચ્ચારણ કે બોલીપ્રયોગો કરવા ન જોઈએ.
- ☐ વાર્તાની સાથે ચિત્રો બતાવવાથી કોઈ શૈક્ષણિક હેતુ સિદ્ધ થતો નથી.
- ☐ ગુજરાતી ભાષામાં બાર સ્વરો ભેદક છે એટલે કે બાર સ્વરો અર્થભેદની કામગીરી કરે છે અથવા કાર્યરત છે.
- ☐ 'ગંગા, અંગૂઠો, સંચય, અંબાલાલ, કાંતિલાલ' એ રીતે શબ્દો લખવા કોશમાન્ય નથી. ખરેખર તો ગઙ્ગા, અઙ્ગૂઠો, સઞ્ચય, અમ્બાલાલ, કાન્તિલાલ એ રીતે જ લખાય.
- ☐ બાળકે કોશમાન્ય જોડણી પ્રમાણે શબ્દ ન લખ્યો હોય તો તેને ભૂલ સુધારવા વીસ કે પચાસ વખત લખી લાવવા જણાવવું જોઈએ.
- ☐ શિક્ષકે પોતે કાળા પાટિયા પર અશુદ્ધ જોડણીવાળા શબ્દો લખી, એને વિદ્યાર્થીઓ સુધારે એવી રમત રમાડવી જોઈએ.
- ☐ 'છોકરાએ બગાસું ખાધું' વાક્યમાં 'છોકરો' કર્તા છે તેથી પહેલી (કર્તા) વિભક્તિનો પ્રત્યય લાગે છે.
- ☐ 'તમારા વિના રમેશને ગમતું નથી' વાક્ય માન્ય રીતે લખાયેલું છે.
- ☐ 'ગુજરાતનો નાથ અને પાટણની પ્રભુતા – એ બંને ઘણી રસ પડે તેવી નવલકથા છે.' વાક્ય માન્ય રીતે લખાયેલું નથી.
- ☐ 'કાન્ત અને દ્વિરેફ બંને કવિઓ.' આ વાક્ય માન્ય રીતે લખાયેલું છે.
- ☐ અનુસ્વાર વગરના અને પાછળ જોડાક્ષર ન હોય તેવા 'ઇ', 'ઉ' છેલ્લેથી ત્રીજા અક્ષરમાં હોય ત્યારે (ક) પાછળ જો દીર્ઘ અક્ષર હોય ત્યારે હ્રસ્વ લખાય છે અને (ખ) પાછળ હ્રસ્વ અક્ષર હોય ત્યારે દીર્ઘ લખાય છે.
- ☐ વિરામચિહ્નો વાક્ય લખાય છે ત્યારે જ ઉપયોગમાં લેવાય છે. તેને વાક્યના મોટેથી વાંચવા કે બોલવા સાથે કશો સંબંધ નથી.
- ☐ 'છોકરો તળાવમાં લપસી પડ્યો' અને 'છોકરો તળાવમાં ન્હાવા પડ્યો' બંને વાક્યમાં 'છોકરો' કર્તાની ભૂમિકામાં છે.

- ☐ વાચન-લેખન વગેરે જેવાં કૌશલ શીખવવામાં ઉપયોગી હોય તેટલું જ વ્યાકરણ શીખવવું તે વ્યાવહારિક વ્યાકરણનો હેતુ હોય છે.
- ☐ વાંચીને સમજતાં આવડવા માટે શબ્દભંડોળ વધારવાની જરૂર હોય છે.
- ☐ પદાર્થોને એકબીજાથી અલગ ઓળખ આપવા માટે તેમને નામ અપાય છે.
- ☐ 'તમારે હજુ કેટલું લખવાનું બાકી છે ?' વાક્યમાં 'કેટલું' પ્રશ્નવાચક વિશેષણ છે.
- ☐ બાળકોનું શબ્દભંડોળ વધારવા માટે 'શબ્દકોશ'માંથી રોજ પાંચ શબ્દો ગોખાવવા જોઈએ.
- ☐ સમજણની રીતે 'ઊગવું' એ શબ્દનો અર્થ આવડે તો 'ખીલવું'નો અર્થ સમજવો સરળ બને.
- ☐ 'છોકરી સુખી છે.' વાક્યમાં 'છોકરી' કર્તા છે.

## ખાસ નોંધ

ઑન એરમાં રજૂ થયેલ મુદ્દા અને વિષયવસ્તુના આધારે, ઑફ એર દરમિયાન શિક્ષકો પ્રવૃત્તિ કરી શકે તે માટે એક અલગ પાના પર મુદ્દા પ્રમાણે પ્રવૃત્તિની યાદી આપી છે.

સ્થાનિક પરિસ્થિતિ એને સમયને ધ્યાને રાખી શિક્ષકો આ પ્રવૃત્તિઓ કરશે. જેમાં તજ્જ્ઞમિત્રો સાથ, સમજ અને સહકાર આપશે.

દરેક પ્રવૃત્તિ શિક્ષક આવૃત્તિ તેમ જ ક્ષમતા આધારિત છે.

# બોલી : વાચન-લેખનના સંદર્ભે

માતૃભાષા જીવનઘડતર માટેનાં તમામ પોષક દ્રવ્યો પૂરાં પાડે છે. વિચાર-વિનિમય, વિચાર-પ્રક્રિયા, વિચારભેદ, વિચાર-રજૂઆત, વિચાર-અસર, વિચારનું પુનઃ નિર્માણ, પુનઃવિચાર વિનિમય, આમ અનેકવિધ પ્રક્રિયા માતૃભાષામાં જ થાય છે. માનવનાં સ્વપ્નો, કલ્પનો, લાગણીઓ, ઊર્મિઓ તેમ જ સ્પંદનો ભાષાના માધ્યમમાં જ ઉદ્ભવે છે અને ભાષાના માધ્યમ દ્વારા જ પ્રકટ થાય છે. આમ માતૃભાષાનું સ્થાન માનવજીવનમાં ખૂબ જ મહત્ત્વનું છે. પ્રાથમિક શાળામાં ભણતાં બાળકોને પ્રારંભથી જ આ અંગેનું પદ્ધતિસરનું વાચન-લેખન પૂરું પાડવામાં આવે તો મોટી વયે પણ આ બાબતો આત્મસાત બની બાળકને તેના જીવનમાં ખૂબ જ મદદ કરે છે.

ભાષાશિક્ષણમાં સાવ સહજતાથી અવરોધરૂપ બનતું પરિબળ છે. બોલી, ગુજરાતના જે પ્રદેશમાં બાળક જન્મ્યો હોય તે પ્રદેશની પ્રાદેશિક બોલીની અસર પણ બાળક અને તેને ભણાવનાર શિક્ષકના ઉચ્ચારમાં જોવા મળે છે. દા.ત., ચરોતરનો બાળક 'રામ'ને બદલે 'રાંમ અને 'મીઠો લીમડો' બદલે 'મેઠો લેમડો'ને ઉચ્ચાર કરે છે. ભરૂચ જિલ્લાનો બાળક 'લાવ્યા'ને બદલે 'લાઈવ્યા' ઉચ્ચાર કરશે. વળી 'ગોળી'ને બદલે 'ગોલી' ઉચ્ચાર કરતો જોવામાં આવશે. તેવી જ રીતે સુરત જિલ્લાનો બાળક 'સસલું'ને બદલે 'હહલું' અને સસરોને બદલે 'હહરો' બોલે છે. જ્યારે સૌરાષ્ટ્ર તરફનો બાળક 'ઘોડો'ને 'ઘૉડો' ઉચ્ચાર કરે છે. 'ચાલ'ને બદલે 'ચાલ્ય' ઉચ્ચાર કરે છે. અને 'નાટકો'ને બદલે 'નાટ્કો', 'પ્રગતિ'ને બદલે 'પરગતિ' એમ ઉચ્ચાર કરતો જોવા મળે છે. ઉપરોક્ત બાબતો ઉદાહરણ રૂપ છે. બાર ગાઉએ બોલી બદલાય એ સાવ સહજતાથી અનુભવાય એવી લાગણી આપણા સૌને છે. વ્યક્તિના જીવનમાંથી પ્રાદેશિક ઉચ્ચારની અસર નાબૂદ કરવી એ ખૂબ કઠિન બાબત છે. શિક્ષિતોની વાણીમાં પણ ભાષાની પ્રાદેશિક અસર અનુભવાય છે. પછી શુદ્ધ ઉચ્ચાર તરફ ધ્યાન આપો એમ કહેવા માત્રથી કોઈના અશુદ્ધ ઉચ્ચાર શુદ્ધ થયા નથી અને થાય પણ નહિ. શુદ્ધ ઉચ્ચાર એ ટેવ પાડવાનો સવાલ છે. પ્રારંભિક ધોરણોથી બાળકોમાં જો આ ટેવ પાડવા માટે શિક્ષકો તરફથી પ્રેરણા મળે તો તેનાં અસરકારક પરિણામો મળી શકે તેમ છે. ખાસ કરીને શુદ્ધ ઉચ્ચાર કયા અને અશુદ્ધ ઉચ્ચાર કયા છે, અશુદ્ધ ઉચ્ચાર કેવી રીતે નિવારી શકાય તે દર્શાવાય તો શુદ્ધ ઉચ્ચાર માટેની

પૂર્વભૂમિકા રચાય. અનેક પ્રાદેશિક બોલીઓ ગુજરાતના વિવિધ ભાગોમાં પ્રચલિત છે. શુદ્ધ ઉચ્ચાર એ ભાષા શિક્ષણનું પ્રથમ સોપાન છે. ઉચ્ચારમાં શુદ્ધિ કરો તો લખાણમાં શુદ્ધિ આવવાની શક્યતા ઘણી જ છે. તેથી શુદ્ધ ઉચ્ચાર એ પાયાનું ભાષાકૌશલ્ય ગણી શકાય.

અશુદ્ધ ઉચ્ચારથી અર્થનો અનર્થ પણ સર્જાય છે. દા.ત., 'કાન્તાના નળમાં પાણી' નથી એ વાક્યને બદલે 'કાન્તાના નરમાં પાણી નથી' એમ બોલાય અથવા ગૃહપતિને બદલે ગ્રહપતિ બોલાય, તો અર્થનો અનર્થ થવાનો સંભવ રહે છે. પ્રાદેશિક બોલીની અસરમાંથી બાળકો અને શિક્ષકો મુક્ત થવા સંભવ છે પણ પ્રાદેશિક બોલીઓની સાથે સાથે બાળક અશુદ્ધ ઉચ્ચાર તરફ વળી જાય ત્યારે ભાષામાં વાચન-લેખનમાં બાળકની કચાશ પ્રથમ નજરે અનુભવાય છે. અશુદ્ધ ઉચ્ચારનાં કારણોમાં શિક્ષકના ઉચ્ચારો સાથે બાળકનું કૌટુંબિક અને સામાજિક વાતાવરણ પણ અસર કરે છે. આપણા સૌની ઉચ્ચારશુદ્ધિ તરફની વિશિષ્ટ દૃષ્ટિ કેળવાય તો આ દિશામાં પ્રગતિ થાય. શાળામાં ભાષાની આવી વિશેષ સૂઝ ધરાવતા કોઈ શિક્ષક હોય તો તેમના દ્વારા અથવા અન્ય આવી વ્યક્તિને બોલાવી ઉચ્ચાર શા માટે સુધારવા અને કઈ રીતે સુધારવા તે માટે દૃષ્ટાંતો દ્વારા ચર્ચા થાય તો મોટા ભાગના શિક્ષકોને ઉચ્ચારશુદ્ધિ પ્રત્યે અભિરુચિ થાય અને તેની પ્રત્યક્ષ અને પરોક્ષ અસરથી બાળકોના ઉચ્ચારદોષો દૂર થાય અને વાચન-લેખન કેળવાય. આદર્શ બને. શુદ્ધ ઉચ્ચાર તરફ ધ્યાન દોરવું તથા સાચું ઉચ્ચારણ કેમ થાય તે સમજાવવું.

આપણે વારંવાર અનુભવીએ છીએ એવા કેટલાક ઉચ્ચારો નીચે પ્રમાણે છે.

(૧) આવ્યો ને બદલે આયો, દડો લાવ્યો ને બદલે દડો લાયો. 'વ્યો'ને બદલે 'યો' બોલવાની ટેવ સુધારી શકાય.

(૨) 'અહીં આવ'ને બદલે 'અંઇ આય' 'તહીં જા'ને બદલે તઇં જા, અને નહિ આવ્યોને બદલે 'નહિ આયો' એમ કહે છે.

સંક્ષેપમાં 'હી'ને બદલે 'ઈ'નો ઉચ્ચાર વાતાવરણજન્ય અસરને કારણે ખોટી રીતે કરે છે. તે સુધારવું જોઈએ.

| | | |
|---|---|---|
| (3) | નવાઈ – નવઈ X | ગૃહવિજ્ઞાન – ગ્રહવિજ્ઞાન X |
| | સવાયું – સવયું X | ગૃહપતિ – ગ્રહપતિ (સૂર્ય) X |
| | ભાઈ – ભઈ | (છાત્રાલયની સંભાળ રાખનાર) |

બાઈ – બઈ

કથ્થાઈ – કથ્થઈ

પતિવ્રતા – પતિવૃતા

(પતિપરાયણ સ્ત્રી) (પતિઓથી વીંટળાયેલ)

હૃદય – હ્દય

ગૃહસ્થ – ગ્રહસ્થ

ગૃહશાન્તિ – ગ્રહશાન્તિ

(૪) તેણે મને ચૉપડી (ચો નો વિવૃત એટલે પહોળો ઉચ્ચાર) દીધી ને બદલે તેણે મને ચોપડી (ચો નો સંવૃત એટલે સાંકડો ઉચ્ચાર) દીધી અર્થ તદ્દન બદલાઈ જાય છે.

**બાળકને સમજાવો :**

કૅડે – કેડે, કૅરી – કેરી, કૉટ – કોટ, કૉઠી – કોઠી, કૉશ – કોશ, ખૅર – ખેર, કૉલમ – કોલમ, ખૉળ – ખોળ, ગૉળ – ગોળ, ચૉરી – ચોરી, ચૉળી – ચોળી, છૉડી – છોડી, છૉડ – છોડ, મૉર – મોર, શૅર – શેર, સૅર – સેર

શબ્દના સંદર્ભે જે અર્થ સમજવાનો હોય ત્યાં શબ્દોના એ કે ઓનો સંવૃત કે વિવૃત વિચાર કરવો જોઈએ.

**ઉચ્ચારભેદથી નીચેનાં વાક્યોની બાળકો સાથે ચર્ચા કરી શકાય :**

– ગૉળ કેવી રીતે તૈયાર થાય તે કહો.

– મોર આવવા છતાં તે ખુશ ન થયો.

– અહીં જ ચોરો છે.

**(૫) શ્, ષ્ અને સના ઉચ્ચારમાં જોવામાં આવતી અશુદ્ધિઓ અને તે સુધારવાના ઉપચાર :**

શું ને બદલે ‘સું’ સરસ્વતીને બદલે ‘શરશ્વતી’ ‘ઋષભ’ને બદલે ‘ઋસભ’ એમ ખોટી રીતે બાળકો અને મોટેરાંઓ પણ ઉચ્ચાર કરે છે.

આવા અશુદ્ધ ઉચ્ચાર કેમ સુધારાય ?

‘શ’ તાલવ્ય શ કહેવાય છે. તેનો ઉચ્ચાર કરતી વખતે જીભની અણી તાળવા તરફ વળવાથી

શ નો ઉચ્ચાર શુદ્ધ થશે. 'શું'નો ઉચ્ચાર કરતી વખતે તેમ થાય તો 'શું'નો ઉચ્ચાર સાચો થશે. આ ઉચ્ચાર કરવામાં મુશ્કેલી રહે તો જીભની નીચે આંગળી મુકાવી 'શ'નો ઉચ્ચાર કરાવવાથી ઉચ્ચારશુદ્ધિ સરળ બનશે. એ જ રીતે સ – દંત્ય 'સ' કહેવાય છે. તેનો ઉચ્ચાર શુદ્ધ કરવા માટે જીભ અને દાંતનો સ્પર્શ કરવો જોઈએ. સરસ્વતી, સુમન, સરસ ઇત્યાદિ શબ્દોમાં દંત્ય 'સ'નો ઉચ્ચાર બાળક કરે ત્યારે તેની જીભ અને દાંતનો સ્પર્શ થાય તે જોવામાં આવે તો દંત્ય 'સ'નો ઉચ્ચાર યોગ્ય રીતે થશે.

'ષ' – મૂર્ધન્ય 'ષ' કહેવાય છે. તેનો ઉચ્ચાર ત્યારે જ શુદ્ધ થાય કે જ્યારે જીભ મૂર્ધાને – દાંતની પાછળના ઉપલા ખરબચડા ભાગને સ્પર્શે ષટ્કોણ, ષડ્સ, ઋષભ, ઋષિ વગેરે શબ્દોમાં 'ષ'નો ઉચ્ચાર કરતી વખતે જીભની અણી ઉપલા દાંતની પાછળના ખરબચડા ભાગને સ્પર્શે તો જ તેનો ઉચ્ચાર બરાબર થશે.

**(૬) 'ર' અને 'ળ'ના ઉચ્ચારમાં થતા દોષ :**

'ગાડીમાં તેનાં કપડાં ચોળાઈ ગયાં.'

ગાડીમાં તેનાં કપડાં ચોરાઈ ગયાં'

તે ત્યાં મળવા ગયો હતો.

તે ત્યાં મરવા ગયો હતો.

ઉપરના વાક્યોમાં ઉચ્ચારદોષને લીધે થતાં અર્થભેદ બાળકો સમક્ષ મૂકી તેને આ ઉચ્ચારભેદનો ખ્યાલ આપી શકાય.

'ર' મૂર્ધસ્થાની છે અને 'ળ' જિહ્વામૂલીય અને અંશતઃ મૂર્ધસ્થાની છે. તે પ્રમાણે ઉચ્ચારસ્થાનોનો ખ્યાલ રાખી 'ર' અને 'ળ'ના ઉચ્ચાર થાય તો આવી ભૂલો નિવારી શકાય.

ઉચ્ચારનો મહાવરો નીચેનાં વાક્યો દ્વારા પણ કરી શકાય.

(૧) અફર નિશ્ચય સફળ થાય છે.

(૨) પેલી ગલીની ખળીમાં ખરીવાળું પ્રાણી છે.

(૩) સરલા સફળ સફર ઇચ્છે છે.

(૭) ‘ળ’ અને ‘લ’ ના ઉચ્ચારમાં જોવામાં આવતી ખામીઓ.


‘તે તેનું નામ બોલે છે’ને બદલે એમ કહેવાય કે ‘તે તેનું નામ બોળે છે’ તો જે કહેવાનું હોય તેનાથી ઊલટું જ સમજાય ને ?

એ રીતે કેટલીકવાર ‘ળ’ને બોલાય છે. ‘લ’ પણ બોલે છે. દા.ત. વડોદરાના ગોળાઓ વખણાય છે’ને બદલે વડોદરાના ગોલાઓ વખણાય છે એમ ખોટી રીતે બોલે છે.

પ્રારંભિક ધોરણોમાં શિક્ષકમિત્રોએ પોતે જે વિસ્તારમાં નોકરી કરે છે તેવા વિસ્તારની લોકબોલીને પણ થોડા સમય માટે સ્વીકારવી પડે. શીખવી પડે. જી.સી.ઈ.આર.ટી. દ્વારા ડાંગ, કચ્છ અને અન્ય વિસ્તારમાં શિક્ષકોને ત્યાંની બોલીનો પણ ખ્યાલ આપવામાં આવ્યો છે. છતાં પણ એકવાર જે તે વિસ્તારની બોલીને શીખીને સમજી લેવી. ત્યારબાદ બાળકોને વાચન અને લેખનમાં શુદ્ધ ભાષામાં ઉચ્ચારણ કરાવી શકાય. વર્ગખંડમાં ભણાવતી વખતે આપણા સંવાદમાં પ્રાદેશિકતા ઓછી આવે તેની કાળજી રાખવી.

શબ્દ-સમૃદ્ધિની નીચેની જેવી કક્ષાને અનુરૂપ કરામતોથી બાળકોને શુદ્ધ ઉચ્ચારણો અને લેખન તરફ વાળી શકાય.


- **સીડીનાં ખાલી પગથિયાં નીચે બતાવ્યા જેવા શબ્દોથી પૂરો.**




વરિષ્ઠ, બલિષ્ઠ


ઘનિષ્ઠ, જ્યેષ્ઠ, શ્રેષ્ઠ

- **અષ્ટકોણની દરેક બાજુ એક બાજુએ બતાવેલા જેવા શબ્દના રૂપથી ભરો.**





કરણીય
રક્ષણીય
પ્રેક્ષણીય
સ્મરણીય
ભક્ષણીય
સ્પૃહણીય

• **વર્તુળના ત્રણેય વિભાગોમાં તેના મથાળે બતાવ્યા છે તેવા છ છ શબ્દો લખો**




• **વર્તુળમાં અંતે 'જ' આવતો હોય તેવા શબ્દો લખો.**




ખનીજ મહારાજ

મગજ પંકજ

તારાજ

નારાજ

## પ્લીઝ...

વાચન, લેખનનો વિકાસ થઈ શકે તેવી પ્રવૃત્તિઓ આ સામગ્રીમાં અલગથી આપી છે. પ્રશિક્ષણ (તાલીમ) દરમિયાન તેમ જ વર્ગખંડમાં પણ ખૂબ જ ઉપયોગી નીવડે તેવી છે. આ પ્રવૃત્તિથી બાળકને શાળામાં આવવું ગમશે, રોકાવું ગમશે અને ભણવું ગમશે !

# વાચન પદ્ધતિ : ધોરણ ૧ અને ૨


ધો. ૧-૨ના વિદ્યાર્થીઓને વાંચતા કરવા માટે નીચે મુજબની પદ્ધતિઓ-પ્રયુક્તિઓ અજમાવવામાં આવે તો તે જલદીથી વાંચતા થશે.

વાચનકૌશલ્ય સંદર્ભે ધોરણ ૧ના વિદ્યાર્થીઓ માટે આપણે વાચનની શબ્દપદ્ધતિથી શરૂઆત કરી શકીએ. મૂળાક્ષર પદ્ધતિ હાલ અમલમાં છે 'મ' અને 'મ' મૂળાક્ષરોને ભેગા કરવાથી બનતો 'નમ' નમવાનું અથવા નમસ્કારનું સૂચન કરે છે. સ્વાભાવિક છે અર્થસભર શબ્દો અને એ પણ એની વય-કક્ષા મુજબના, એના અનુભવજગતના – આવા શબ્દોથી શરૂઆત બાળકોને વાચન કરવા પ્રતિ દોરી જશે.

શબ્દથી શરૂઆત ખરી પરંતુ આ શરૂઆતને પણ જો રમતનું સ્વરૂપ આપવામાં આવે તો વિદ્યાર્થીઓને ખૂબ ગમે. બાળકોને ચોવીસ કલાક રમવું ગમે છે, એટલે ખુરશી-ટેબલ છોડી, વિદ્યાર્થીઓની વચ્ચે બેસી આપણે પણ રમતાં-રમાડતાં વાચન પ્રતિ દોરી જવા.

### ગંજીફાની રમત

આ બધા વિદ્યાર્થીઓને રસ પડે એવી રમત છે. વ્યક્તિગત, પિયરગ્રૂપ કે જૂથમાં ગંજીફાની રમત થકી બાળકોને વાચનાભિમુખ કરી શકાય છે. વિદ્યાર્થીઓ પત્તાંથી અજાણ નથી. એ રીતે પણ ગંજીફાની રમત ઉપયોગી સિદ્ધ થશે.



અહીં, શબ્દજોડકાંથી શરૂઆત કરી છે. લાડુ-ઝાડુ, ગોટી-લંગોટી, રોટી-સોટી, માથું-ભાથું, રામભાઈ-શામભાઈ, ટાંકણી-ઢાંકણી, પગ-ઢગ, કીડી-ડીકી, સમડી-સગડી, આટલું-માટલું, નગારું-તગારું જેવી શબ્દજોડીઓ બનાવી વંચાવવામાં આવે તો શબ્દમાધુર્ય, પ્રાસ થકી વિદ્યાર્થીઓ ઝડપથી શીખશે. વિદ્યાર્થી ગાડીનું ચિત્ર જોશે અને 'ગાડી' એમ લખેલું લિપિચિત્ર પણ જોશે, તેથી એ સંદર્ભે એની સંકલ્પના વધુ સ્પષ્ટ થશે.

ધોરણ ૧-૨ના વિદ્યાર્થીઓને ઉપયોગી એવી કેટલીક શબ્દજોડીઓ નીચે આપવામાં આવી છે, તેનો ઉપયોગ કરી ગંજીફો (પત્તા) બનાવો.

હવેલી – તપેલી
ખેતર – તેતર
આંખ – પાંખ
વેલ – ઢેલ
બાગ – સાગ
ચડે – પડે
રમીએ – જમીએ
સુંદર – ગુંદર
ભણીએ – ગણીએ
ધોળું – કાળું
ડુંગર – ઉંદર
લુહાર – સુથાર
ખજૂર – મજૂર
કપૂર – ખજૂર
કાકડી – લાકડી
બંગડી – લંગડી

દરિયો – ઢળિયો
લૂછું – ભૂસું
ચોર – શોર
વાંદરો – ભમરો
સોટી – રોટી
લડવૈયો – ઘડવૈયો
વડ – થડ
ઊંટગાડી – બકરાગાડી
પાંચ – વાંચ
ગાગર – સાગર
લીમડી – દાડમડી
ઓટલો – ચોટલો
કાબર – કાતર
વાડી – પાડી
ચંપલ – જંગલ
કૂતરો – ફુવારો

**'Off air'માં ગંજીફાં પત્તાં બનાવવાની પ્રવૃત્તિ કરાવવી.**

ભાષાનાં ચારેય કૌશલ્યો – શ્રવણ, કથન, વાચન અને લેખન પરસ્પર સંકળાયેલાં છે. શ્રવણ-વાચન અર્થગ્રહણ તો કથન-લેખન અભિવ્યક્તિનાં માધ્યમો છે. વાચન અને બાકીનાં કૌશલ્યોને પૂરક એવી થોડીક રમતો જોઈએ –

### કાગડો ઊડે

આ રમતમાં એક પછી એક પક્ષીઓનાં નામ લેતાં જવાનું, પછી અચાનક કોઈ પ્રાણીનું નામ મૂકી દેવાનું. કાગડો ઊડે...હા..., પોપટ ઊડે... હા..., ચકલી ઊડે... હા... ગાય ઊડે... વિદ્યાર્થીઓ 'ના' કહેશે !?

### લાલ ગુલાબ

આ રમતમાં કયા શબ્દોની સાથે કયા શબ્દો, વિશેષણો આવે – એ તરફ ધ્યાન દોરાય છે. વ્યાકરણની પરિભાષામાં આને 'યોગ્યતા' કહેવાય છે. લાલ ગુલાબ... હા..., પીળું ગુલાબ... હા... પણ પીળો મોગરો... ના... કેમકે મોગરો તો ધોળો જ હોય ને ?

એ જ રીતે...

ચકલી માળો બાંધે... હા

કબૂતર માળો બાંધે... હા

કોયલ માળો બાંધે... ના... કેમ કે

વિદ્યાર્થીને ખબર છે, કોયલ-કાગડાના માળામાં પોતાના ઈંડાં મૂકે છે, એણે સાંભળ્યું છે અથવા જોયું છે 'ના' જ કહેશે !

કેરીનું ઝાડ હોય... હા

ચીકુનું ઝાડ હોય... હા

દ્રાક્ષનું ઝાડ હોય.. ના

આમ, શિક્ષક સ્વસૂઝથી આવી અનેક પ્રકારની ભાષાને ઉપકારક રમતો રમાડી શકે. શિક્ષક આવૃત્તિમાં પણ એક કરતાં અનેક રમતો મુકાયેલી છે. જેનો વર્ગશિક્ષણમાં પૂરતો ઉપયોગ કરવો.

**વાર્તાઓ :**

શરૂઆતમાં શ્રવણ થકી રસતરબોળ થયેલું બાળક વાર્તાઓને વધુ ને વધુ વાંચવા-પામવા ઝંખે છે. કેવા પ્રકારની વાર્તાઓ બાળકને વાંચવા આપવી એ જાણવું જરૂરી છે. શરૂઆતના તબક્કે નાની અને એની સમજમાં આવે તેવી, નીવડેલી વાર્તાઓ કહેવી અને વાંચવા આપવી જોઈએ. અહીં, કેટલાંક ઉદાહરણો મૂક્યાં છે.

1. સિંહ અને ઉંદર
2. ચતુર કાગડો
3. કીડી અને કબૂતર
4. કાચબો અને સસલો
5. મગર અને વાંદરો
6. બે બિલાડી અને વાંદરો
7. કાગડો અને શિયાળ
8. સંપ ત્યાં જંપ
9. દ્રાક્ષ ખાટી છે
10. ટોપીવાળો ફેરિયો
11. ઊંટ અને શિયાળ
12. બે સમજુ બકરા
13. લોભિયો અને નાળિયેર
14. સૌથી મોટું કોણ ?
15. વફાદારી ભારે પડી
16. અવળચંડો વાંદરો
17. ઉંદર સાત પૂંછડિયો
18. નકલખોર કાગડો
19. ચાર મિત્રો
20. ચકલીનું વેર
21. વફાદાર નોળિયો

ઉપરોક્ત પંચતંત્રની બોધકથાઓ છે. આ સિવાય ઈસપની વાતો, પૌરાણિક – શ્રવણ, પ્રહ્‌લાદ, ધ્રુવ, એકલવ્યની વાતો, મુલ્લા નસરુદ્દીનની વાતો પણ આપી શકાય. આપણું બાળસાહિત્ય સમૃદ્ધ છે. આપણી પાસે વાર્તાઓનું સંકલન પણ હોવું જોઈએ. પ્રદેશવિશેષની અનેક એવી વાતો-વાર્તાઓ પણ ઉપયોગી નીવડે,

> **Off air માં જે તે કલસ્ટર ધોરણ ૧, ૨ના વિદ્યાર્થીઓને ઉપયોગી વાર્તાઓનું સંકલન કરશે.**

# લેખન પદ્ધતિ : ધોરણ ૧ અને ૨

'ભાષા' એ મનુષ્યને કુદરત દ્વારા મળેલી અનુપમ ભેટ છે. ભાષા દ્વારા જ મનુષ્ય પોતાની લાગણી – વિચાર અને આવેગને વ્યક્ત કરી શકે છે. આપણે મનુષ્યને ઘણીવાર 'વ્યક્તિ' કહીએ છીએ. વ્યક્તિ એટલે જે વ્યક્ત થઈ શકે છે તે !

શિક્ષણમાં ભાષા એ 'માધ્યમ' છે કે 'લક્ષ્ય' ? એવા પ્રશ્નના ઉત્તરો શા હોઈ શકે ? માતૃભાષા એક સાથે માધ્યમ પણ છે અને લક્ષ્ય પણ ! ભાષા દ્વારા આપણે ભાષા શીખવાની છે. બીજા વિષયો શીખવા માટેનું માધ્યમ પણ ભાષા હોય ત્યારે આપણાં બાળકો શરૂઆતથી જ માતૃભાષા સારી રીતે શીખે એ ખૂબ જ જરૂરી છે.

ભાષાનાં મુખ્ય ચાર કૌશલ્યોથી આપણે સુમાહિતગાર છીએ. જેનો ક્રમ શ્રવણ, કથન, વાચન અને લેખન છે. બાળકની શીખવાની – જાણવાની પ્રક્રિયાનો પ્રારંભ શ્રવણ કૌશલ્યથી થાય છે. ધો. ૧થી ૪નાં ભાષાનાં પાઠ્યપુસ્તકોની સંરચના પણ આ ચારેય કૌશલ્યોને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. પહેલા ધોરણમાં શ્રવણકૌશલ્ય, બીજા ધોરણમાં કથનકૌશલ્ય, ત્રીજામાં વાચન અને ચોથા ધોરણમાં લેખનકૌશલ્ય પર ઝોક છે. એનો અર્થ એવો નહિ કે, જે-તે ધોરણમાં એક ચોક્કસ કૌશલ્ય જ શીખવવું અને બીજાં કૌશલ્યોની ઉપેક્ષા કરવી ! વાસ્તવમાં તો ભાષાનાં ચારેય કૌશલ્યો એકબીજા સાથે જોડાયેલાં છે. ચારેય કૌશલ્યોના મજબૂત થાંભલાઓ પર જ ભાષાની ઇમારત ઊભી રહી શકે. ચારેય ધોરણનો ક્રમ આ પ્રમાણે હોઈ શકે.

પહેલું ધોરણ : **શ્રવણ** – કથન – વાચન – લેખન

બીજું ધોરણ : **કથન** – વાચન – લેખન – શ્રવણ

ત્રીજું ધોરણ : **વાચન** – લેખન – શ્રવણ – કથન

ચોથું ધોરણ : **લેખન** – વાચન – શ્રવણ – કથન

આમ, પહેલા અને બીજા ધોરણમાં તો આપણે વિદ્યાર્થીને 'લેખન' ભણી લઈ જવા માટેની પૂર્વપ્રવૃત્તિઓ કરાવવાની છે. જેને માટે જરૂરી રમતો, બાળગીતો, બાળવાર્તાઓની મદદ લેવાની છે. આપણાં ધો. ૧ અને ધો. ૨નાં પાઠ્યપુસ્તકો પર 'પ્રવૃત્તિમય આનંદદાયી ક્ષમતાકેન્દ્રી પાઠ્યપુસ્તક' એમ ખૂબ જ વિચારપૂર્વક લખવામાં આવ્યું છે. બાળક સાંભળેલું કે શીખવેલું ભૂલી જાય છે પરંતુ રમત કે પ્રવૃત્તિ દ્વારા જે કાંઈ પામે છે તે તેને આત્મસાત થઈ જાય છે.

આપણી શિક્ષક-આવૃત્તિઓની સંરચના પણ ખૂબ જ મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી અને ખાસ તો બાલમાનસનો અભ્યાસ કરીને કરવામાં આવી છે. એમાં વાચન અને લેખન માટેની વિવિધ પ્રવૃત્તિઓ – પ્રયુક્તિઓ અને રમતો વીગતે જણાવવામાં આવી છે, જેનાથી આપણે સહુ સુપરિચિત છીએ.

ધો. ૧/૨માં લેખન ભણી બાળકને લઈ જવા માટે આપણે કઈ કઈ પ્રવૃત્તિઓ કરાવી શકીએ, એ દિશામાં જરા વિચાર કરીએ.

– ફૂલ-મણકા પરોવવા

– માટીમાંથી વિવિધ આકારો બનાવવાની પ્રવૃત્તિઓ

– માટીમાંથી મૂળાક્ષરના આકારો બનાવવા.

– રેતિયા અક્ષર / અંક પર આંગળાં ફેરવી આંખ બંધ રાખી મૂળાક્ષર ઓળખવા ત્યાર બાદ શબ્દો વંચાવવા, જે લેખન માટેનો પૂર્વાભ્યાસ હશે.

– શબ્દકાર્ડ્સ – ગંજીફાની રમત

– રેતીમાં જુદા જુદા આકારો અને મૂળાક્ષરો ગુંદરથી લખવા

– મૂળાક્ષરનાં પાસાં બનાવવાં.

– મૂળાક્ષરના ઘૂઘરા બનાવવા.

– રંગપૂરણી

– બંગડીના ટુકડા – સળીઓ – બટન વગેરેમાંથી મૂળાક્ષર રચવા.

– ચિત્ર પરથી મૂળાક્ષર લેખન કરાવવું.

– પોતાના પરિવારમાં રહેતા સભ્યોનાં નામ લખાવવાં.

– લીંબડો, આંબો, પીપળો, ગાય, કૂતરો વગેરેનાં ચિત્રો મૂકી એના વિશે લેખન કરવાની પ્રવૃત્તિ કરાવવી.

– શબ્દમાં મૂળાક્ષર મૂકીને પૂર્ણ શબ્દ બનાવો.

• જા – ન, પ – ન, ના – ડી, પા – ડી

– શબ્દ પરથી વાક્ય બનાવો

પવન : ______________________

પતંગ : ______________________

મીના : ______________________

ગાડી : ______________________

દૂધ : ________________________

– સાંઠીકડાની મદદથી માટીમાં કે રેતીમાં ચિત્રો દોરાવવાં કે મૂળાક્ષર લખાવવા

– અડધા મૂળાક્ષરના વળાંક આપવા અને તે પૂરા કરાવવાની પ્રવૃત્તિ કરાવવી.

– મૂળાક્ષર ઉપરથી શબ્દ લખો

દા. ત., ક .......... ભ ............મ ..........

ન .......... પ ............વ ..........

જ .......... ર ............ખ ..........

ભાષાનાં ચારેય કૌશલ્યોનું સમાન મહત્ત્વ છે. લેખનકૌશલ્ય પૂર્ણપણે વિકસે એ જરૂરી છે. બાળકને લેખન ભણી ઉતાવળથી લઈ જવાની પ્રવૃત્તિ જોખમી બની શકવા સંભવ છે. ગાંધીજીએ ખરાબ અક્ષરને અધૂરી કેળવણીની નિશાની ગણી છે. વિદ્યાર્થીઓનું લેખન શુદ્ધ – યોગ્ય મરોડવાળું – વિરામચિહ્નોના ઉપયોગ સાથેનું થાય એ અંગે પ્રારંભિક ધોરણોથી જ જાગૃત રહેવામાં આવે તો ધાર્યું પરિણામ મેળવી શકાશે.

ભાષાશિક્ષક તરીકે લેખન માટેની વિવિધ પદ્ધતિઓ – પ્રવૃત્તિઓનો વર્ગખંડમાં અસરકારક વિનિયોગ કરી આપણે વિદ્યાર્થીઓને ‘લેખન’ કૌશલ્યમાં સક્ષમ બનાવી શકીશું.

# વાચનપદ્ધતિ : ધોરણ ૩ અને ૪

આપણા ગુજરાતીના અભ્યાસક્રમમાં શ્રવણ, કથન, વાચન, લેખન, વ્યાવહારિક વ્યાકરણ વગેરે ક્ષમતાક્ષેત્રોનો પાઠ્યક્રમમાં ક્રમિક વિકાસ ગોઠવવામાં આવ્યો છે, જેમાં ધોરણ-૧માં શ્રવણ, ધોરણ ૨માં કથન, ધોરણ-૩માં વાચન અને ધોરણ-૪માં લેખન ક્ષમતાનો વિકાસ થાય તેમ મૂકવામાં આવેલ છે, પરંતુ તેનો અર્થ એ થતો નથી કે ધોરણ-૧ અને ધોરણ-૨માં વાચન-લેખન ઉપર કશું ધ્યાન આપવાનું નથી. આગળ જોઈ ગયા છીએ તે મુજબ, ધો. ૧/૨માં વાચન-લેખન પ્રારંભિક તબક્કે ઉચ્ચાર વર્ણોનાં લિપિચિત્રો ઓળખે, તથા ઓળખને આધારે ઉચ્ચારાયેલા અક્ષરનું લેખન કરતો થાય તેટલું જરૂરી છે. એટલે કે ધો. ૧/૨માં વિદ્યાર્થીઓ સાદા શબ્દો, સાદાં વાક્યો, જોડાક્ષરવાળા શબ્દોની ઓળખવાની ક્ષમતા પ્રાપ્ત કરે તેટલું પર્યાપ્ત છે.

વિદ્યાર્થીઓ ધોરણ-૩/૪ની કક્ષાએ વાચન/લેખનનું સામાન્ય જ્ઞાન મેળવી ચૂક્યો છે, તેમ સમજી આપણે અહીં વાચન/લેખનની ક્ષમતાને પારંગતતાની કક્ષાએ લઈ જવા દૃઢીકરણ કરાવવાનું છે. વારંવારના અભ્યાસ – પુનરાવર્તનથી વાચન-લેખન મજબૂત થાય તે અપેક્ષા છે.

## • ધો. ૩/૪માં વાચનની અપેક્ષાઓ

ધો. ૩/૪માં વાચનની અપેક્ષાઓનો વિચાર કરીએ તો વિદ્યાર્થી વર્તમાનપત્ર, સામયિક, નોટિસબોર્ડ, હસ્તલિખિત લખાણ યોગ્ય ઝડપ અને વિરામચિહ્નો સાથે (લયથી) વાંચે, મોટેથી (મુખવાચન) અને મનમાં (મૂક કે શાંત વાચન) કરે તે જરૂરી છે. વાંચેલો વિચાર સમજતો થાય એટલે કે અર્થગ્રહણ સાથે (આકલન સાથે) વાંચે તે અપેક્ષિત છે. વળી વાચનમાં અર્થગ્રહણમાં બાધારૂપ અઘરા શબ્દોનો સરળ અર્થ શબ્દકોશની મદદથી શીખવવાના છે.

આ અપેક્ષા સંતોષવા માટે આપણે વાચનની નીચે મુજબની પ્રવૃત્તિઓ આપીશું.

સ્વાતંત્ર્ય બાદ અસ્તિત્વમાં આવેલા મુંબઈ રાજ્યનું ભાષા આધારે વિભાજન કરવામાં આવતાં આપણી ગુર્જર ભાષા બોલતા ભૂમિ પ્રદેશને ગુજરાત રાજ્ય તરીકેનો દરજ્જો મળ્યો. આમ, ગુજરાત રાજ્યની સ્થાપના ૧ મે, ૧૯૬૦ના રોજ થઈ. આપણા રાજ્યની સ્થાપના મૂકસેવક રવિશંકર મહારાજના હસ્તે કરવામાં આવી.

આમ ૨૦૧૦માં આપણા રાજ્યની સ્થાપનાનાં ૫૦ વર્ષ પૂરા થશે. ગુજરાતની સ્થાપનાનાં ૫૦ વર્ષ પૂરાં થતાં હોઈ ચાલું વર્ષે ‘સ્વર્ણિમ ગુજરાત’ તરીકે ઉજવાઈ રહ્યું છે. મહોત્સવ ઉજવાઈ રહ્યો છે.

ઉપર મુજબના ફકરા ઉપરથી નીચેના જેવી પ્રવૃત્તિઓ કરાવી શકાય.

૧. મનમાં વાંચવા આપવું. (મૂકવાચન)

૨. મોટેથી (મુખવાચન) કરાવવું

૩. આપેલા ફકરામાં ન સમજાયેલા (અઘરા) શબ્દોને શબ્દકોશની મદદથી શોધવા આપવા.

૪. અઘરા શબ્દોને ચાર્ટપેપર ઉપર લખી મોટેથી વાચન કરાવવું.

૫. વિદ્યાર્થીએ મોટેથી વાંચતા કરેલ ભૂલની નીચે લીટી દોરવી.

**નીચેની વાર્તાનું વાચન કરો :**

**ધોરણ 3 વરુ અને ઘેટાનું બચ્ચું**
**(ગિજુભાઈની બાલવાર્તા)**

અગાઉ વાર્તા વંચાવી સૂચવ્યા મુજબની પ્રવૃત્તિઓ કરાવવી ઉપરાંત વાર્તાને આધારે વાંચેલ વિષયવસ્તુનું અર્થગ્રહણ ચકાસવા નીચેના જેવા પ્રશ્નો પૂછી શકાય.

(૧) વરુને રસ્તામાં કોણ મળ્યું ?

(૨) ઘેટાનું બચ્ચું શું કરતું હતું ?

(૩) ઘેટાના બચ્ચાને જોઈ વરુની શી ઇચ્છા થઈ ?

(૪) ઘેટાનું બચ્ચું કેવી રીતે બચી ગયું ?

> **વિદ્યાર્થીઓએ કરેલું વાચન સમજ-પૂર્વક થયું છે કે નહિ તે ચકાસવા પ્રશ્નોત્તરી, વાક્યની ક્રમિકતાની રમત, લોકબોલીમાં સાર કહેવાની પ્રવૃત્તિ સાચા કે ખોટા વાક્યની સામે નિશાની કરવી જેથી પ્રયુક્તિઓ ઉપકારક છે.**


**વાચનમાં કાચા વિદ્યાર્થીઓ માટેની પ્રવૃત્તિઓ.**


⟹ નીચેના જેવા શબ્દો કાર્ડપેપરમાં લખી બાળકોને વાચન કરાવવું


| | | | |
|---|---|---|---|
| પ્રકાશ | વૃત્તિ | કર્મ | ત્રિકાળ |
| પ્રદીપ | વૃથા | ધર્મ | ત્રિવેદી |
| પ્રથમ | વૃષભ | નર્મદ | ત્રિશૂળ |
| પ્રજા | સંવૃત | તર્ક | ત્રિનેત્ર |
| પ્રજ્ઞા | સંસ્કૃત | સ્વર્ગ | ત્રિભુવન |

⟹ શબ્દ વાચનની રમત રમાડવી

**જુદા પડતા શબ્દ ઉપર ૦ કરો :**



⟶ વિદ્યાર્થીઓની અનુસ્વારવાળા શબ્દોના વાચનમાં થતી ભૂલો સુધારવા માટે કાર્ડપેપર ઉપર નીચેના જેવા શબ્દો લખી વારંવાર મહાવરો કરાવવો.

| | |
|---|---|
| સંસાર | સંભવ |
| અત્યંત | અંબર |
| ઉંદર | ઉંબરો |
| અંજના | અંબાજી |
| ચંદન | ચંપક |
| મહંત | કંપન |

આદર્શ વાચન કરતી વખતે શિક્ષકે સમજૂતી ન આપવી. વિદ્યાર્થી વાંચતી વખતે ભૂલ કરે તો વચ્ચે સુધરાવવાને બદલે વાચન પૂરું થયેથી ધ્યાન દોરવું.

આપણી વાચન માટેની બે અપેક્ષાઓ છે.

(૧) વિદ્યાર્થી લય અને આકલન સાથે વાંચતો થાય.

(૨) વિદ્યાર્થી વાક્ય સાથે વાચવાની અને છૂટા વાંચવાની પ્રક્રિયાને સમજે.

## (૧) વિદ્યાર્થી લય અને અર્થગ્રહણ સાથે વાચન

વિદ્યાર્થી તુટક-તુટક વાચન કરે છે. ક્યારેક વર્ણોને છૂટા પાડીને વાંચતો હોય છે.

દા.ત. તમારા પિતાનું નામ શું છે ?

તમારા પિતાનું નામ શું છે.

તમે કેટલાં ભાઈબહેન છો ?

તમે કેટલાં ભાઈબહેનો છો.

આમ, વાચનમાં લય એટલે કે વિરામચિહ્નો દ્વારા પ્રગટ થતા ભાવોને વાચનમાં પ્રગટ કરવામાં આવે તો જ અર્થગ્રહણ શક્ય બને છે.

**(૨) વાક્યોને સાથે વાંચવાં અને છૂટાં પાડીને વાંચવાં**

જેમ કે ससરા = જમાઈ

(૧) **<u>ધોળો હાથી</u>** ઝડપથી દોડ્યો. સસરો અને જમાઈ

**<u>ધોળો</u>** હાથી ઝડપથી દોડ્યો. સસરા અને જમાઈ

(૨) **<u>જ્યાં જુઓ ત્યાં</u>** સફેદ ગુલાબ દેખાય છે.

**<u>જ્યાં જુઓ ત્યાં સફેદ</u>** ગુલાબ દેખાય છે.

એમ વાંચીએ તો વાક્યના ભાવ બદલાઈ જાય છે. વાચનમાં આ પ્રકારની કાળજી ખૂબ જ જરૂરી છે.

**⟹ શબ્દોની ગોઠવણ અંગેની સમજ :**

દા.ત.,

(૧) લાલ કિલ્લા ઉપરથી ધ્વજ ફરકાવવામાં આવે છે.

ધ્વજ લાલ કિલ્લા ઉપરથી ફરકાવવામાં આવે છે.

**નોંધ :** ગોઠવણ બદલાવવાથી વાક્યના અર્થગ્રહણમાં કોઈ ફેર પડતો નથી.

મહેશ, રમેશ પાસેથી પુસ્તક લાવ્યો.

રમેશ, મહેશ પાસેથી પુસ્તક લાવ્યો.

ઉપરોક્ત વાક્યમાં ગોઠવણ બદલાવવાથી અર્થ બદલાઈ જાય છે.

- અહીં કચરો નાખવો નહિ, નાખનારને સજા થશે
- અહીં કચરો નાખવો, નહિ નાખનારને સજા થશે.

⟹ વાચન માટે નીચેના જેવી વિવિધ પ્રવૃત્તિઓ આપીશું.

**પુસ્તકમાંથી ફકરા મૂકવા**

નીચેની વાર્તાઓનું વાચન કરો

**બે વાર્તાઓ મૂકવી**

નીચેના પેપર કટિંગ્સનું વાચન કરો

**છાપામાંથી પસંદ કરેલો ફકરો વંચાવવો.**
**બાળકોની વયકક્ષા ધ્યાનમાં લેવી.**

## OF AIR

ધોરણ ૩/૪ના પાઠ્યપુસ્તકના ગદ્ય એકમોમાંથી વાક્યપટ્ટીઓ બનાવવી. વાર્તાના વિકાસ ક્રમમાં વાક્યો ગોઠવવાં. વર્તમાનપત્રોમાંથી સ્વર્ણિમ અંગેના પ્રગટ થયેલા કટિંગ્સ અહેવાલ કોરા કાગળ ઉપર ચીપકાવવાની પ્રવૃત્તિ કરવી

# લેખન પદ્ધતિ : ધોરણ ૩ અને ૪

વિદ્યાર્થીઓ લેખન ક્ષમતા સંદર્ભે સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખાણ કરે, ફકરાનું અનુલેખન, વિરામચિહ્નના ઉપયોગ સાથે શ્રુતલેખન કરે, પૂછેલા કે લખેલા પ્રશ્નોના જવાબ લખે. ચિત્રનું વર્ણન કરી વાક્યો લખે, કોઈ વિષય પર પાંચ સાત વાક્યો પોતાની ભાષામાં લખતો થાય તે અપેક્ષા છે.

આ અપેક્ષા પૂરી કરવા આપણે વિદ્યાર્થીઓને અક્ષર સુધારણા પ્રોજેક્ટ, અનુલેખન, શ્રુતલેખન, સુલેખન સ્પર્ધા ચિત્ર પરથી વર્ણન, કોઈ પણ પશુ-પંખી, ચિત્ર, ઉત્સવ, ગામ, ઘર, શાળા જેવા વિષયો આપી તેના પર પાંચ સાત વાક્યો લખવા આપવા. તેની ચકાસણી કરી પ્રતિપોષણ આપવા નીચેના જેવી વિવિધ પ્રવૃત્તિઓ યોજી શકીએ.

**પ્રવૃત્તિ :**

કોઈ એક જોડાક્ષર વર્ણ આપી તે વર્ણ આવતો હોય તેવા શબ્દો લખો.

દા. ત., પ્રકાશ, પ્રવૃત્તિ, પ્રવેશ, પ્રવીણ, પ્રજા, પ્રકાર, પ્રમાણ...

(શબ્દોની યાદી તૈયાર કરવી)

⟹ લેખનકાર્યમાં વિદ્યાર્થીઓ કેવી ભૂલો કરે છે ?

શ્રુતલેખન તથા સ્વતંત્ર વર્ણન વિશે લખતા વિદ્યાર્થીઓ પ્રાદેશિક ઉચ્ચારોનો ઉપયોગ કરીને લખે છે. અથવા વર્ણની લિપિ ચિત્રોની વિસ્મૃતિ આધારિત ભૂલો જોવા મળે છે.

દા. ત.,

| | |
|---|---|
| ધોળો – ધોરો | મેળો – મેરો |
| પાણી – પોણી | તમારું – ટમારું |
| પાણી – પાની | દાદા – ડાડા |
| ચડવું – સડવું | મામા – મોમા |
| છાશ – સાસ | ઝાડ – જાડ |
| છીંડું – સીંડું | છે – સે |
| ચા – સા | ઝરણું – જરણું |

– શુદ્ધ ઉચ્ચારણ સાથે શ્રવણનો મહાવરો કરાવવો.

– કથન પછી વાચન કરાવવું

– ટેપરેકોર્ડરનો ઉપયોગ કરી બાળકોને શુદ્ધ ઉચ્ચારણનો મહાવરો કરાવવો.

**⟹ પ્રાદેશિકતાના લીધે ક્યાંક વર્ણો ઊલટસૂલટ કરે છે.**

સમજણ – સજમણ

તકલીફ – તફલીક

પકડ – કપડ

ટાઈલ્સ – સ્ટાઈલ

આડુંઅવળું – આડુંઅળવું

**⟹ લિપિચિહ્નોની વિસ્મૃતિથી થતી ભૂલો**

જેવી કે

ટપાલ – ડપાલ

ઢગલો – ઠગલો

પાઠ – પાઢ

ઘર – ધર

ધુમ્મસ– ઘુમ્મસ

ઘનઘોર– ધનધોર

**⟹ જોડાક્ષર ભૂલો**

પ્રકાશ – પરકાશ

પ્રવૃત્તિ – પરવૃતિ

ગર્વ – ગ્રવ

દ્વેષ – દ્રેષ

સહસ્ર – સહસ્ત્ર

**⟹ લેખનકાર્ય સુધારણા માટે**

– શુદ્ધ જોડણીના ચાર્ટ બનાવવાની પ્રવૃત્તિ કરાવવી.

– સુંદર હસ્તાક્ષરના નમૂના નોટિસ બોર્ડ પર મૂકવા.

– સુલેખન કાર્યની વારંવાર સ્પર્ધા યોજવી

– સુલેખન કરનારને પ્રોત્સાહન પૂરું પાડવું.

– ખરાબ અક્ષરવાળાં બાળકોને પ્રોત્સાહક માર્ગદર્શન આપવું

– વધુ લાંબા સમય સુધી લેખનકાર્ય ન કરાવવું જેથી લેખનકાર્ય નીરસ બને.

– લેખનકાર્ય કરતી વખતે પેન-પેન્સિલ યોગ્ય રીતે પકડે તેની રીત સમજાવવી.

– કોઈ વિષય ઉપર વ્યક્તિગત એક એક વાક્ય લખાવવાની પ્રવૃત્તિ આપવી.

**⟹ નમૂના મુજબ શબ્દો બનાવવાની પ્રવૃત્તિ**

ર – રમકડું

મ – મજા

ત – તલવાર

**⟹ આડા-ઊભા ગમે તે રીતે શબ્દો શોધી લખવાની પ્રવૃત્તિ**

| | | |
|---|---|---|
| બ | દા | મ |
| દા | ડ | મ |
| મ | મ | રા |

| | |
|---|---|
| ક | લા |
| લા | જ |

દાનત

| | | |
|---|---|---|
| દા | ન | ત |
| ન | ગ | ર |
| ત | ર | ત |

| | | |
|---|---|---|
| ગુ | લા | બ |
| લા | લ | ચ |
| બ | ચ | ત |

**વિદ્યાર્થીને સજા રૂપે ક્યારેય અનુલેખન કરવા આપવું નહિ**

⟹ **લેખન ક્ષમતા વિકસાવવા માટે :**

– પ્રશ્નોના જવાબ લખવા

**– વાક્ય વિશે પોતાનો અભિપ્રાય આપવા સૂચવવું :**

- તમે શિક્ષક હો તો શું કરશો ?
- શાળા સ્વચ્છ રાખવા શું કરશો ?
- રજાના દિવસે તમે શું કરો છો ? તે વિશે લખો

લેખનકાર્યમાં શબ્દો ઉપરથી વાક્ય લખવા અર્થગ્રહણ કરાવવાને બદલે વાક્ય પરથી શબ્દોના અર્થો લખે.

**OF AIR**

**ધોરણ ૩/૪ના પાઠ્યપુસ્તકમાંથી**

⟹ સમાનાર્થી / વિરુદ્ધાર્થી / નમૂના મુજબના શબ્દો કાર્ડ ઉપર બનાવવાની / પ્રવૃત્તિ આપવી.

⟹ સામે મૂકેલા ચિત્રને / આધારે લેખન કાર્ય કરાવવાની પ્રવૃત્તિ

# સ્વતંત્રલેખન

માતૃભાષા શિક્ષણના ચાર પાયાનાં ક્ષેત્રોથી બધાં પરિચિત છે. આ બધાં જ કૌશલ્યો એકબીજાને પૂરક છે. બાળકો જેવું સાંભળે છે, તેવું બોલે છે અને લખે છે. એટલે કહી શકાય કે લેખન ઉપર શ્રવણ, કથન, કુટુંબ અને પર્યાવરણની અસર પડે છે. બાળકો શાળા, ઘર અને પર્યાવરણમાંથી ઘણુંબધું ગ્રહણ કરતાં હોય છે. 'નિબંધ' એટલે જેને બંધન નથી તે. છતાં, આપણે તેના ઉપર બંધન મૂકીએ છીએ. ઘણી શાળાઓમાં આજે પણ એક જ વિષય ઉપર બધાં જ બાળકો લેખન કરે છે. વર્ગખંડમાં બાળકો જુદા જુદા પર્યાવરણમાંથી જુદા જુદા કુટુંબમાંથી આવતાં હોય છે. દરેકના વિચારો અલગ અલગ હોઈ શકે. ખરેખર નિબંધલેખન એટલે બાળકોના અનુભવ, અનુભૂતિ અને પર્યાવરણમાંથી જે કાંઈ સમજે છે, વિચારે છે, કલ્પના કરે છે તેવા સ્વતંત્ર લેખનની પ્રવૃત્તિ / પ્રક્રિયા.

ધોરણ-૧, ૨માં નિબંધલેખન હોઈ શકે ? ના, છતાં પણ ખાનગી શાળાઓમાં થાય છે તે બાળકોની વય, કક્ષા મુજબ ભારરૂપ છે. ધોરણ ૩, ૪માં શરૂઆત કરી શકાય. પરંતુ ત્યાં પણ ભાષા, પર્યાવરણ અને સમાજને ધ્યાનમાં રાખીને જો સ્વતંત્રલેખન કાર્ય કરાવવામાં આવે તો ચોક્કસ બાળકોની કલ્પનાશક્તિ, વિચારશક્તિ અને લેખનકૌશલ્યનો વિકાસ થઈ શકે.

૧. દાખલા તરીકે ઘરમાં રહેતા જે સભ્ય તમને ખૂબ ગમતા હોય તેના વિશે લખો. માતા, પિતા, દાદા, દાદી, ભાઈબહેન વગેરે. તેમનો પરિચય, તેઓનું કાર્ય, તમને કેમ ગમે છે ? તમને કઈ રીતે મદદરૂપ થાય છે ? આમ વર્ગખંડમાં ચર્ચા કરો અને પછી લેખન કરવા આપો.

૨. તમારા ઘરમાં લાકડાની જેટલી વસ્તુઓ હોય તે અને તેના ઉપયોગ વિશે લખો. (લાકડા / પથ્થર / લોખંડ આપી શકાય.)

૩. તમે જોયું હોય, ગમતું હોય તેવાં ફળ, વૃક્ષ, પશુ, પક્ષી વિશે લખો.

૪. તમને ગમતા તહેવાર વિશે લખો. આપણે હોળી, દિવાળી, ઉત્તરાયણ, રક્ષાબંધન આમ વિષય આપીને બાંધી દઈએ છીએ પણ કોઈને નાતાલ, ઈદ, પતેતી, જન્માષ્ટમી, રામનવમી પણ

ગમતી હોય તે લખવા આપી શકાય.

૫. તમે પ્રવાસ-પર્યટનમાં ગયાં હોય ત્યાં તમને જે ગમ્યું હોય અથવા કેમ ગમ્યું તેના વિશે લખો.


૬. પાઠ્યપુસ્તકમાં ઘણી વાર્તાઓ, નાટકો અને કાવ્યો છે. તેમાંથી તમને વાર્તામાં, નાટકમાં કયું પાત્ર ગમે છે ? શા માટે તે લખો, તમને કયું કાવ્ય ખૂબ ગમે છે ? શા માટે ? તેના વિશે લખો. આ છે મૌલિક લેખનકાર્ય. તેને અભ્યાસક્રમના બંધનમાં બાંધી શકાય નહિ. વય અને કક્ષાને અનુરૂપ લેખનકાર્ય કરી શકે છે તેનું ફક્ત શિક્ષકે મૂલ્યાંકન કરવાનું છે અને તેના માર્ગદર્શક બનવાનું છે. નિબંધલેખનની વિવિધ પ્રયુક્તિઓ છે. શિક્ષક વર્ગખંડમાં તેનો ઉપયોગ કરીને અથવા પોતાની આંતરસૂઝથી બીજી પ્રયુક્તિઓ દ્વારા પણ લેખનકાર્યને અસરકારક બનાવી શકે છે.

1. ચિત્ર ઉપરથી લેખન
2. વાર્તાચિત્ર ઉપરથી લેખન
3. દૃશ્ય ઉપરથી લેખન
4. મુદ્દાના આધારે લેખન.
5. કોઈ એક વિષય ઉપર દરેક બાળકને એક એક વાક્ય બોલવા કહો. પુનરાવર્તન ન થાય તેનું ધ્યાન રાખવા કહો અને શિક્ષક કા. પા.માં નોંધ કરે અને પછી બાળકોની મદદથી ક્રમમાં ગોઠવણી કરે.
6. જૂથચર્ચા –

   બાળકોનાં નાનાં નાનાં જૂથ પાડીને દરેક જૂથને અલગ અલગ વિષય ફાળવવો અને જૂથમાં બાળકો એ વિષયની ચર્ચા કરીને નિબંધલેખન કરે.

7. વિષયને અનુરૂપ વિવિધ શબ્દ વિચારવા કહો અને પછી બાળકોની મદદથી તે શબ્દની કા. પા.માં નોંધ કરો. આ શબ્દનો ઉપયોગ કરીને વાક્ય બનાવડાવો ત્યાર બાદ બાળકોની મદદથી ક્રમિકતામાં નોંધ કરો.

ઉદા.,




બાળકોની કલ્પનાશક્તિને વિકસાવવી અને તેની અભિવ્યક્તિ કરાવવી એ શિક્ષક ઉપર આધારિત છે. લેખનકાર્ય દ્વારા બાળકોમાં રહેલાં અનુભવજન્ય વિચારો, શબ્દોને મૂર્તિમંત, એટલે બહાર આવવાની ઉમદા તક મળે છે, જ્યારે બાળકોમાં આ શક્તિનો વિકાસ થાય છે ત્યારે તે વિજ્ઞાન, ભૂગોળ, નાગરિક, ગણિત કે કોઈપણ વિષયમાં સમજપૂર્વક પોતાની ભાષામાં ઉત્તરો લખી શકે છે. સ્વતંત્ર લેખન એ શિક્ષણ માટેની મહત્ત્વની કરી છે.

# સંદર્ભસાહિત્ય

શિક્ષક આજીવન વિદ્યાર્થી છે. એનો અભ્યાસ સતત ચાલતો રહેવો જોઈએ. અધ્યાપનની સાથે સાથે અધ્યયન થતું રહે તો આપણે જીવંત રહી શકીએ. શાળા-ગ્રંથાલયનો ઉપયોગ આપણે પણ કરીએ તેમ જ વિદ્યાર્થીઓને પણ એ માટે પ્રેરીએ જેથી બાળકોમાં વાચનપ્રીતિ વધે, દઢ થાય.

આપણી ભાષામાં બાળસાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર કામ થયું છે, થતું રહે છે. બાળવાર્તાઓ – જોડકણાં – ઉખાણાં – બાળકાવ્યો આદિનું આપણા શિક્ષણ સાથે સીધું જ અનુસંધાન કરી શકાય એમ છે.

પંચતંત્ર – હિતોપદેશની વાર્તાઓના અનુવાદો આપણે ત્યાં સુલભ છે. ઈસપની વાર્તાઓ પણ મળી રહે છે. ગિજુભાઈનું 'દિવાસ્વપ્ન' તો દરેક શાળામાં હશે, બલકે હોવું જોઈએ. રમણલાલ સોની દ્વારા આપણને નોંધપાત્ર બાળસાહિત્ય મળ્યું છે. 'તો-તોચાન' પુસ્તક પણ પ્રેરક છે. ધૂમકેતુએ ઉપનિષદ અને રામાયણ – મહાભારતની પ્રસંગકથાઓ આપી છે. રમેશ પારેખ – લાભશંકર ઠાકર – રતિલાલ બોરીસાગર જેવા સિદ્ધહસ્ત સર્જકોએ પણ બાળસાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું છે.

આ ઉપરાંત 'નાનાભાઈ' (લે. મનુભાઈ પંચોળી), સરફરોશી શ્રેણીનો સેટ, યાદ કરો કુરબાની, અમૃત પરબ, અમર ચિત્રકથાઓ, કૃષ્ણલાલ જોશીની ઐતિહાસિક કથાઓ, મોન્ટેસોરી પદ્ધતિ, ધીંગામસ્તી, સાગરપંખી આદિ પુસ્તકો વાંચવાલાયક છે.

શિક્ષકોને આત્મખોજ કરવા પ્રેરે, માર્ગદર્શન કરે અને વ્યવસાયિક સજ્જતા વધારી આપે એ પ્રકારનાં પુસ્તકોમાં મૂળશંકર ભટ્ટનું 'શિક્ષકની નિષ્ઠા અને દૃષ્ટિ' તથા રાઘવજી માધડનું 'વર્ગ એ જ સ્વર્ગ' પુસ્તકો ઉપયોગી બને એવાં છે. મનસુખ સલ્લાનું 'અનુભવની એરણ' પર પુસ્તક પણ શિક્ષક જીવનના અનુભવો પર પ્રકાશ ફેંકનારું બન્યું છે.

શિક્ષણવિષયક પુસ્તકોનું સેવન આપણી સજ્જતા વધારી આપે છે.

## વિષય : વાચન-લેખન પદ્ધતિ/પ્રયુક્તિઓ  દિવસ : પ્રથમ દિવસ

**તાલીમનો સમયગાળો : ૭-૦૦થી ૧૨-૩૦ (રિસેસ : ૯-૦૦થી ૯-૩૦)**

| તારીખ | On Air / Off Air | સમય | વિષયના મુદ્દા-પ્રવૃત્તિ | વક્તાનું નામ | જરૂરી સાધન સામગ્રી |
|---|---|---|---|---|---|
| | On Air | ૭-૦૦થી ૭-૧૫ | ભૂમિકા (બોલી વિશે) | ડૉ. યોગેન્દ્ર વ્યાસ<br>રાઘવજી માધડ | |
| | On Air | ૭-૧૫થી ૮-૦૦ | બોલી વિશેની વિવિધ પ્રવૃત્તિઓ | રાઘવજી માધડ<br>લાલજીભાઈ પ્રજાપતિ | |
| | Off Air | ૮-૦૦થી ૮-૪૫ | પ્રાદેશિક શબ્દોની યાદી | નોંધ : માન્ય ભાષા અને બોલીના શબ્દો | |
| | On Air | ૮-૪૫થી ૯-૩૦ | માન્ય ભાષામાં વિદ્યાર્થીઓને | ડૉ. યોગેન્દ્ર વ્યાસ | |
| | | | ૯-૩૦થી ૧૦-૦૦ રિસેસ | | |
| | On Air | ૧૦-૦૦થી ૧૧-૦૦ | પ્રાદેશિક બોલીની સમસ્યા અને નિવારણ | રાઘવજી માધડ<br>લાલજીભાઈ પ્રજાપતિ | |
| | On Air | ૧૧-૦૦થી ૧૧-૪૫ | પ્રેરક પ્રવચન | | |
| | On Air | ૧૧-૪૫થી ૧૨-૩૦ | પ્રશ્નોત્તરી | ડૉ. લાલજીભાઈ પ્રજાપતિ<br>રમેશ ત્રિવેદી, કલ્પેશ પટેલ | |

## વિષય : વાચન-લેખન પદ્ધતિ/પ્રયુક્તિઓ      દિવસ : બીજો દિવસ

**તાલીમનો સમયગાળો : ૭-૦૦થી ૧૨-૩૦ (રિસેસ : ૯-૦૦થી ૯-૩૦)**

| તારીખ | On Air / Off Air | સમય | વિષયના મુદ્દા-પ્રવૃત્તિ | વક્તાનું નામ | જરૂરી સાધન સામગ્રી |
|---|---|---|---|---|---|
| | On Air | ૭-૦૦થી ૭-૧૫ | ભૂમિકા ધોરણ ૧થી ૪<br>વાચન પદ્ધતિ / પ્રયુક્તિઓ | ડૉ. યોગેન્દ્ર વ્યાસ<br>રાઘવજી માધડ | |
| | On Air | ૭-૧૫થી ૮-૦૦ | વાચન વિશેની વિવિધ પ્રવૃત્તિઓ | સુભાષ હરિજન | |
| | Off Air | ૮-૦૦થી ૮-૩૦ | વાચનની સૂચવ્યા મુજબની પ્રવૃત્તિઓ | | |
| | On Air | ૮-૩૦થી ૯-૦૦ | વાચનમાં જોવા મળતી ક્ષતિઓ અંગે | રમેશ ત્રિવેદી | |
| | Off Air | ૯-૦૦થી ૯-૩૦ | વાચનમાં થતા ઉચ્ચારદોષની નોંધ બનાવવાની પ્રવૃત્તિઓ | | |
| | | | ૯-૩૦થી ૧૦-૦૦ રિસેસ | | |
| | On Air | ૧૦-૦૦થી ૧૦-૩૦ | વાચનનું મહત્ત્વ અને વાર્તા-વાંચન | સુભાષ હરિજન, કલ્પેશ પટેલ | |
| | Off Air | ૧૦-૩૦થી ૧૦-૪૫ | ધો.૧થી ૪નાં બાળકોની વયકક્ષા મુજબની વાર્તાઓનું સંકલન | | |
| | On Air | ૧૧-૦૦થી ૧૧-૪૫ | પ્રેરક પ્રવચન | | |
| | On Air | ૧૧-૪૫થી ૧૨-૩૦ | પ્રશ્નોત્તરી | ડૉ. યોગેન્દ્ર વ્યાસ<br>રાઘવજી માધડ<br>કલ્પેશ પટેલ | |

## વિષય : વાચન-લેખન પદ્ધતિ/પ્રયુક્તિઓ          દિવસ : બીજો દિવસ

**તાલીમનો સમયગાળો : ૭-૦૦થી ૧૨-૩૦ (રિસેસ : ૯-૦૦થી ૯-૩૦)**

| તારીખ | On Air / Off Air | સમય | વિષયના મુદ્દા-પ્રવૃત્તિ | વક્તાનું નામ | જરૂરી સાધન સામગ્રી |
|---|---|---|---|---|---|
| | On Air | ૭-૦૦થી ૭-૧૫ | ધો. ૧થી ૪ લેખન / સ્વતંત્ર લેખન/સંદર્ભ સાહિત્ય | ડૉ. યોગેન્દ્ર વ્યાસ<br>રાઘવજી માધડ | |
| | On Air | ૭-૧૫થી ૮-૦૦ | લેખન કાર્ય વિશેની પ્રવૃત્તિઓ | રમેશ ત્રિવેદી, કલ્પેશ પટેલ | |
| | Off Air | ૮-૦૦થી ૮-૩૦ | શબ્દકાર્ડ્સ બનાવવાની પ્રવૃત્તિઓ | | |
| | On Air | ૮-૩૦થી ૯-૦૦ | લેખનમાં થતી ભૂલો નિવારવાના ઉપાયો | રમેશ ત્રિવેદી<br>સુભાષ હરિજન | |
| | Off Air | ૯-૦૦થી ૯-૩૦ | વર્ણના આધારે શબ્દો/જોડાક્ષરવાળા શબ્દો/સમાનાર્થી/વિરોધી શબ્દો શોધવા | | |
| | | | ૯-૩૦થી ૧૦-૦૦ રિસેસ | | |
| | On Air | ૧૦-૦૦થી ૧૦-૩૦ | સ્વતંત્રલેખન અને સંદર્ભ સાહિત્ય વિશે | સુભાષ હરિજન, કલ્પેશ પટેલ | |
| | Off Air | ૧૦-૩૦થી ૧૦-૪૫ | સ્વતંત્રલેખન માટેના વિષયોની યાદી | | |
| | On Air | ૧૧-૦૦થી ૧૧-૪૫ | પ્રેરક પ્રવચન | | |
| | On Air | ૧૧-૪૫થી ૧૨-૩૦ | પ્રશ્નોત્તરી | ડૉ. યોગેન્દ્ર વ્યાસ<br>રાઘવજી માધડ<br>કલ્પેશ પટેલ | |

## વિષય : ગુજરાતી ભાષા સજ્જતા        દિવસ : ચોથો દિવસ

**તાલીમનો સમયગાળો : ૭-૦૦થી ૧૨-૩૦ (રિસેસ : ૯-૦૦થી ૯-૩૦)**

| તારીખ | On Air / Off Air | સમય | વિષયના મુદ્દા-પ્રવૃત્તિ | વક્તાનું નામ | જરૂરી સાધન સામગ્રી |
|---|---|---|---|---|---|
| | On Air | ૭-૦૦થી ૭-૪૫ | ભૂમિકા, ગત વર્ષની તાલીમ પછીના પ્રતિભાવ | ડૉ. યોગેન્દ્ર વ્યાસ<br>રાઘવજી માધડ | |
| | On Air | ૭-૪૫થી ૮-૧૫ | લેખિત-મૌખિક અભિવ્યક્તિ | ડૉ. યોગેન્દ્ર વ્યાસ<br>રાઘવજી માધડ | (અર્થગ્રહણની સમજ) |
| | Off Air | ૮-૧૫થી ૯-૦૦ | કોઈ એક વિષય કે પ્રસંગના આધારે ૮થી ૧૦ વાક્યો લખો. (અંદરો અંદર તપાસે) | | |
| | On Air | ૯-૦૦થી ૯-૩૦ | લેખિત-મૌખિક અભિવ્યક્તિ | ડૉ. યોગેન્દ્ર વ્યાસ, રાઘવજી માધડ | |
| | | | ૯-૩૦થી ૧૦-૦૦ રિસેસ | | |
| | On Air | ૧૦-૦૦થી ૧૧-૦૦ | પ્રશ્નોત્તરી | | |
| | On Air | ૧૧-૦૦થી ૧૧-૪૫ | પ્રેરક પ્રવચન | | |
| | On Air | ૧૧-૪૫થી ૧૨-૩૦ | પ્રશ્નોત્તરી | | |

# પ્રશિક્ષણની પૂરક સામગ્રી : વાચન-લેખન પદ્ધતિ શાસ્ત્ર

**બોલી :**

- તમારા વિસ્તારમાં બોલાતી બોલીની યાદી કરો.
- તમારા વિસ્તારમાં બોલાતી બોલીના વ્યવહારમાં વપરાતા શબ્દો.
- સ્થાનિક બોલીનાં ઉખાણાં – જોડકણાં – કહેવતો – ગીતોની યાદી.
- તમારા વિસ્તારની બોલીના સંદર્ભે વર્ગશિક્ષણમાં તમને પડતી મુશ્કેલીઓની ચર્ચા જૂથમાં કરો. (સ્થાનિક શિક્ષક તેમ જ અન્ય વિસ્તાર શિક્ષક વચ્ચે આંતરસંવાદ)
- ધોરણ-૧થી ૪નાં પાઠ્યપુસ્તકોમાંથી પ્રાદેશિક બોલીના શબ્દોની યાદી કરો. દા.ત. ધોરણ-૪ના પાઠ્યપુસ્તકમાંથી 'બીકણ સસલી' પાઠના શબ્દો. દા.ત. આઘું / કુત્તો... વગેરે

  (શ્રવણક્ષેત્રમાં ધોરણ ૧થી ૪માં પ્રથમ ક્રમાંકના ક્ષમતા વિધાનને નજરમાં રાખીને આ પ્રવૃત્તિ કરાવવી) સ્થાનિક સાહિત્યનો વર્ગશિક્ષણમાં ભરપૂર ઉપયોગ. દા.ત. જે-તે વિસ્તારમાં ગીતો.

| વાચન પદ્ધતિ | ધોરણ ૧ અને ૨ |
|---|---|

- તાલીમ સાહિત્યમાં આપેલ ગંજીફાની રમતનાં ઉદાહરણો પ્રમાણે ગંજીફા કાર્ડ બનાવવાની પ્રવૃત્તિ કરાવવી અને તેનું વાંચન કરાવવું.
- શબ્દકાર્ડ્સ અને વાક્યપટ્ટીઓ બનાવી જોડાક્ષરોનો ઉપયોગ થાય તેની કાળજી લેવી. દા.ત. ક્ષમતા ક્રમાંક ૩-૨-૧.
- જે-તે જિલ્લા કે વિસ્તારમાં પ્રચલિત તેમજ અન્ય બાળવાર્તાઓની યાદી બનાવો. અહીં (તાલીમ મૉડ્યુલમાં) જે યાદી આપી છે, તે પૈકીની વાર્તાઓ મેળવવી. તેનો સંગ્રહ કરવો અને જરૂર પડ્યે બાળકો સંભળાવવી.

| લેખન પદ્ધતિ | ધોરણ ૧ અને ૨ |
|---|---|

– તાલીમી સાહિત્યમાં નિર્દેશિત પ્રવૃત્તિઓ ઉપરાંત નીચેની પ્રવૃત્તિઓ કરાવવી.
– શબ્દો અને વાક્યોનું અનુલેખન, શબ્દો અને સાદાં વાક્યોનું શ્રુતલેખન તેમ જ ચિત્રના આધારે વર્ણાનાત્મક વાક્યોનું લેખન કરાવવું.

## ધોરણ ૩ / ૪ની વાચનપદ્ધતિ – પ્રયુક્તિઓ

– કવિતા / અભિયનગીતનું ભાવવાહી ગાન કરાવી અને એ કવિતાનું પઠન કરી ત્યારબાદ વિદ્યાર્થી દ્વારા એનું વાંચન કરાવવું. દા.ત. ડુગડુગિયાવાળી / ચાડિયો.
– કરાવેલ વાંચનનું અર્થગ્રહણ ચકાસવા માટે તાલીમ સામગ્રીમાં આપવામાં આવેલ, 'ગિજુભાઈની બાલવાર્તા' ઉપરાંત પ્રાદેશિક અથવા પ્રચલિત વાર્તા-લોકવાર્તાનું વાંચન કરાવી તેમાંથી ટૂંકા-ટૂંકા પ્રશ્નો પૂછવા. (૩-૩-૫. ક્ષમતાને ધ્યાનમાં લેવી)
– શેરી-જાહેરસ્થળો તેમ જ શાળા અને વર્ગખંડની દીવાલો પર લખેલાં ભીંતસૂત્રો, જાહેરાતો, સુવિચારો વગેરે રજૂ કરવા કહેવું.
– શબ્દકોશની પ્રવૃત્તિ અવશ્ય કરાવવી.

## ધોરણ ૩ / ૪માં લેખન પદ્ધતિ

– તાલીમી સાહિત્યમાં આપવામાં આવેલી પ્રવૃત્તિઓ ઉપરાંત શ્રુતલેખનની પ્રવૃત્તિ કરાવવી. શ્રુતલેખન માટેનો ફકરો સાદો અને સરળ લેવો તેમજ એક વાર સારી રીતે વાંચી સંભળાવવો.
– કોઈ એક વાક્ય આપી પૂરક વાક્યો જોડતાં-જોડતાં વાર્તાનો ક્રમિક વિકાસ કરવો.
– આદર્શ અને ભાવવાહી વાંચન કર્યા બાદ વિરામચિહ્નો વિનાનો ફકરો આપી તેમાં યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી ફરીથી લખાવવો. (ક્ષમતા ૪-૪-૩.ને અનુસરવા)

## સ્વતંત્રલેખન

ધોરણ ૧થી ૪માં વિદ્યાર્થી સરળ રીતે અને સાહજિકપણે પોતાના વિચારો અભિવ્યક્ત કરતો થાય તે અપેક્ષિત છે. અને ધોરણ-૫થી સંપૂર્ણપણે માન્ય ભાષામાં વાંચન તેમજ લેખનની મૌલિક અભિવ્યક્તિ કરતો થાય તે ઉદ્દેશ છે.

**સંદર્ભસાહિત્ય :** ધોરણ ૧થી ૪ના અભ્યાસક્રમને પૂરક થાય તેવી સાહિત્ય સામગ્રી મેળવવી, તેનું અધ્યાપન કરવું અને વિદ્યાર્થી સમક્ષ રજૂ કરવું બાળપુસ્તકાલયનો બાળકો તેમજ શિક્ષકો મહત્તમ ઉપયોગ કરે.

અહીં જે ભાષાકીય પ્રવૃત્તિ સૂચવી છે, તે સમય અને સ્થાનિક પરિસ્થિતિ અનુસાર અધ્યયન નીપજ મેળવવાનો હેતુ વધુ ને વધુ ચરિતાર્થ થાય તેની કાળજી રાખવી.